RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૫   મંગળવાર તા.૦૧-૦૯-૨૦૨૬   અંક : ૨૦૭ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# મુંબઈમાં તબેલાના દૂધમાં ૧ લિટરે રૂ.૯નો વધારો

## ૯૩ રૂપિયે પ્રતિ લિટરે મળતું દૂધ હવે રૂ.૧૦૨ ના ભાવથી મળશે, રસોડાના બજેટ પર મોંઘવારીનો મોટો ફટકો

મુંબઈ,

મુંબઈમાં તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં જ નાગરિકોના રસોડાના બજેટ પર મોંઘવારીનો મોટો ફટકો પડ્યો છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી મુંબઈમાં તબેલાના દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૯ નો વધારો ઝીંકાયો છે. આ ભાવવધારા બાદ રૂ. ૯૩ પ્રતિ લિટરે મળતું દૂધ હવે રૂ. ૧૦૨ પ્રતિ લિટર મળશે. આ નવી કિંમતો ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. તહેવારો દરમિયાન ઘરોમાં દૂધનો વપરાશ વધે છે, ત્યારે રોજિંદા દૂધ ખરીદતા હજારો પરિવારો માટે આ



વધારો આર્થિક બોજ સમાન સાબિત થશે.

દૂધ ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી ડેરી કારોબારમાં પડતર કિંમત સતત વધી રહી છે. અનાજ, તવેર, ચણાની દાળ અને પશુ આહારની કિંમતમાં ૨૫% સુધીનો વધારો થતાં ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. આ ઉપરાંત પશુઓની ખરીદી ખર્ચ, ખલી અને અન્ય જરૂરી સાધનો પણ મોંઘા થયા છે. જૂના ભાવે દૂધ વેચવું આર્થિક રીતે અત્યંત મુશ્કેલ બની ગયું હોવાથી ઉત્પાદકોએ સર્વસંમતિથી ભાવવધારાનો નિર્ણય લેવો પડ્યો છે.

રાજ્યભરમાં ૧.૬ લાખ લિટર ભેળસેળ વાળુ દૂધ જપ્તબીજી તરફ, દૂધમાં થતી ભેળસેળ અને બનાવટી (સિંથેટિક) દૂધના નેટવર્ક સામે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (ૡઢછ) એ મોટા પાયે ઝુંબેશ શરૂ કરી છે. ૡઢછ કમિશનર તુકારામ મુંઢેના નેતૃત્વમાં દૂધ કલેક્શન સેન્ટરો, ચિલિંગ પ્લાન્ટ્સ અને સ્થાનિક સપ્લાયર્સ પર ત્રાટકીને ૧.૬ લાખ લિટરથી વધુ ભેળસેળ દૂધ અને આશરે રૂ. ૫૦ કરોડની કિંમતનો અસુરક્ષિત ખાદ્ય જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન એવી ગેરકાયદેસર યુનિટ્સ પકડાયું છે. જ્યાં સ્કિમ્ડ મિલ્ક પાવડર, પાણી, ઈમલ્સિફાયર, કાસ્ટિક સોડા અને ઔદ્યોગિક કેમિકલ્સનો ઉપયોગ કરીને ઝેરી સિંથેટિક દૂધ બનાવવામાં આવતું હતું. આ કેસમાં અનેક પ્રોડક્શન યુનિટ્સ સીલ કરીને ૈંઈ દાખલ કરવામાં આવી છે અને આરોપીઓની અટકાયત કરાઈ છે. મહારાષ્ટ્રમાં બિન-ડેરી ઉત્પાદનોના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાની સાથે ૡઢછ હવે દૂધ પુરવઠાની ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ પણ શરૂ કરી રહ્યું છે, જેથી પુરવઠામાં થતી ગેરરીતિઓ અટકાવી શકાય.

## ૯ કિલો કોમર્શિયલ સિલિન્ડરમાં ૯.૫૦નો વધારો

### ૧૪.૨ કિલોવાળા ઘરેલુ રાંધણગેસના ભાવમાં ફેરફાર નહિ

નવીદિલ્હી,

આજથી નવા મહિનાની શરૂઆત સાથે જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરના ભાવમાં સુધારો કરવામાં આવ્યો છે. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી દેશભરમાં ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો ઝીંકાયો છે. જોકે, સામાન્ય પરિવારો અને ગૃહિણીઓ માટે રાહતના સમાચાર એ છે કે ૧૪.૨



કિલોવાળા ઘરેલુ રાંધણગેસના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જાહેર કરાયેલા નવા દરો મુજબ, ૧૯ કિલોગ્રામ ધરાવતા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ?૯.૫૦ પ્રતિ સિલિન્ડર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. રેસ્ટોરન્ટ, હોટેલ અને નાના વેપારીઓ માટે આ વધારાને કારણે સંચાલન ખર્ચમાં સામાન્ય વધારો જોવા મળી શકે છે.

## દીવડાઓનાપ્રકાશમાંસોમનાથનાદિવ્યદર્શન



પ્રથમ જ્યોર્તિલિંગ સૌમનથ મહાદેવ મંદિરે સોમવારે સંધ્યાકાળે આરતી સમયે એક અદભુત અને અલૌકિક નજારો જોવા મળ્યો હતો. ગર્ભગૃહની તમામ ઈલેક્ટ્રિક લાઈટો બંધ કરી દેવામાં આવી હતી અને સોમનાથ મહાદેવને માત્ર દીવાના પવિત્ર પ્રકાશથી શોભાયમાન કરવામાં આવ્યા હતા. દીવડાઓના ઝળહળતા પ્રકાશમાં મહાદેવનું સ્વરૂપ અત્યંત દિવ્ય લાગી રહ્યું હતું, જેના દર્શન કરી ભક્તો ભાવવિભોર બન્યા હતા.

# વડાપ્રધાન મોદી અને પુતિન વચ્ચે બેઠક યુક્રેન યુદ્ધના અંત માટે શાંતિની અપીલ

## બિશ્કેકમાં યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં વૈશ્વિક શાંતિ, આર્થિક ભાગીદારી સહીત સંબંધો ચર્ચા કરાઈ

બિસ્કેક,

કિર્ગિસ્તાનના પાટનગર બિશ્કેકમાં આયોજિત ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન વૈશ્વિક શાંતિ, રશિયા-યુક્રેન યુદ્ધ, આર્થિક ભાગીદારી અને સાંસ્કૃતિક સંબંધો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

દ્વિપક્ષીય વાર્તાની શરૂઆતમાં જ વડાપ્રધાન મોદીએ યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, મારા મિત્ર, આપને મળીને મને અત્યંત આનંદ થઈ રહ્યો છે. ગયા વર્ષે આપની ભારત યાત્રા ખૂબ જ સફળ અને યાદગાર રહી હતી. ખાસ કરીને રશિયાના વ્યાવસાયિક જગતને લઈને આપ ભારત આવ્યા હતા. આર્થિક સંબંધોને નવી ઊંચાઈ અને વધુ વિસ્તાર આપવાનું કામ પણ આપણી ચર્ચામાં થયું હતું. મને ખુશી છે કે આપણી ચર્ચાનું જે પરિણામ આવ્યું છે તેને અમલમાં મૂકવા માટે આપણી બંને ટીમો સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે. યુક્રેનના વિષય પર પણ આપણે સતત ચર્ચા કરતા રહ્યા છીએ. ભારત શાંતિના તમામ



પ્રયાસોનું સમર્થન કરે છે અને ભવિષ્યમાં પણ કરતું રહેશે. યુદ્ધમાં વિતાવેલો એક-એક દિવસ માનવતાને પાછળ ધકેલે છે અને શાંતિ તરફ આગળ વધેલું એક-એક પગલું નવી આશા અને ઉમંગ ભરી દે છે. ગાંધી અને બુદ્ધની ધરતીનો એક જ સંદેશ છે - શાંતિનો માર્ગ.પીએમ મોદીએ નવી દિલ્હીમાં યોજાનારી આગામી બ્રિક્સ સમિટ માટે પ્રમુખ પુતિનને આમંત્રણ આપતાં જણાવ્યું કે સમગ્ર ભારત તેમનું સ્વાગત કરવા આતુર છે.બિશ્કેક યાત્રા દરમિયાન વધુ એક રસપ્રદ દશ્ય સામે આવ્યું હતું. પીએમ મોદી અને પુતિન એક જ કારમાં સવાર થઈને 'છઠ્ઠા વર્લ્ડ નોમેડ ગેમ્સ ૨૦૨૬' ના ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપવા બિશ્કેક એરિના પહોંચ્યા હતા.ભારતનું ૮૭ સભ્યોનું પ્રતિનિધિમંડળ સામેલ છે, જેમાં ૭૩ ખેલાડીઓ, ૧૦સાંસ્કૃતિક પ્રતિનિધિઓ અને ૪ વૈજ્ઞાનિક સહભાગીઓ સામેલ છે.

## સરકારે સેમીકંડક્ટર સેક્ટર માટે રૂા. ૧.૨૭ લાખ કરોડ ફાળવ્યા

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે સેમિકોન ૨.૦ પ્રોગ્રામ માટે ૧.૨૭ લાખ કરોડની રકમ ફાળવવાની તૈયારી રાખી છે. આ રકમ સેમીકંડક્ટર વેલ્યુ ચેઈનને પ્રોત્સાહન આપવા અને તેના માટે યોગ્ય કંપનીઓ પાછળ ખર્ચવામાં આવશે. તેમા ૨૦,૦૦૦ કરોડનું લઘુત્તમ રોકાણ ધરાવતી સિલિકોન વેફર ફેબ્સ અને ચિપ ડિઝાઈન માટેની સ્વીટનર કંપનીઓને ૪૦ ટકા ફિસ્કલ સપોર્ટનો સમાવેશ થાય છે.

આમ ભારતે વૈશ્વિક રોકાણકારોની સાથે અત્યાધુનિક ચિપ ડિઝાઈનવાળા સ્ટાર્ટઅપ્સને આકર્ષવા માટેનું અત્યંત મોટું પગલું લીધું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની તેજીમાં સેમી કંડક્ટર્સ વિશ્વસ્તે વૃૂયાહૃતમક સંસાધન તરીકે ઉભરી આવ્યું છે ત્યારે એડવાન્સ્ડ ચિપ્સ અને મેમરી અકલ્પનીય માંગ સર્જાઈ છે. તેની સાથે સપ્લાય ચેઈનના મોરચે શંકાસ્પદ સ્થિતિ અને ભૂરાજકીય તનાવના કારણે વૈશ્વિક કંપનીઓને તેમની સેમીકંડક્ટર ક્ષમતા વિસ્તારવાની અને નિયત ઉત્પાદન કેન્દ્રો પર તેમનું અવલંબન ઘટાડવાની ફરજ પડી છે.

## નેપાળમાં જળપ્રલય બાદ મહામારીનો ખતરો

### ૯૬૨થી વધુ મોત; ૧૭ મૃતદેહો તણાઈને યુપી પહોંચ્યા

કાઠમંડુ,

ચીન-નેપાળ સરહદ નજીક ગ્લેશિયરનો એક મોટો હિસ્સો તૂટી પડતાં સર્જાયેલી કુદરતી હોનારતે નેપાળ અને તિબ્બતમાં ભારે તબાહી મચાવી છે. અચાનક વિપુલ પ્રમાણમાં પાણી, ખડકો અને કાટમાળ નીચે તરફ ધસી આવતા અનેક ગામડાઓ તથા શહેરો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ ભયાનક પૂર અને ભેખડો ધસી પડવાને કારણે કેટલાક ગામો તણાઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો કાટમાળ નીચે દબાઈ ગયા છે. ત્યારે હવે પૂર પ્રકોપ બાદ મહામારીની દહેશત વ્યક્ત કરાઈ રહી છે.



રાહત અને બચાવ કાર્ય બીજા અઠવાડિયામાં પ્રવેશવાની સાથે જ નવી વિકટ સમસ્યાઓ સામે આવી રહી છે. આ હોનારતમાં અત્યાર સુધીમાં ૯૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે ૪૪૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. પૂરના આ પાણી સાથે તણાઈને આવેલી ઓછામાં ઓછી ૧૭ લાશો ભારત સરહદ પાસેથી પણ મળી આવી છે. પૂર અને હોનારતના સાત દિવસ વિતી ગયા બાદ હવે નેપાળના અસરગ્રસ્ત વિસ્તારોમાં મહામારી ફેલાવાનો મોટો ખતરો ઉભો થયો છે. કાટમાળ અને કાદવમાં દબાયેલા મૃતદેહો હવે સડવા લાગ્યા છે અને ચારેય તરફ દુર્ગંધ ફેલાઈ રહી છે. આ સ્થિતિ સ્વચ્છતા અને આરોગ્ય માટે સૌથી મોટો પડકાર બની રહી છે. હવે બચાવ ટુકડીઓ સામે રાહત કામગીરીની સાથે સફાઈ જાળવવાની અને રોગચાળો ફેલાતો અટકાવવાની બેવડી જવાબદારી આવી ગઈ છે.

## દેશમાંથી ૧૩ કરોડ લોકોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બહાર

નવીદિલ્હી,

અત્યાર સુધી દેશના ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રક્રિયા હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ નામ દૂર કરવામાં આવ્યા છે. સોમવારે જાહેર કરવામાં આવેલી ડ્રાફ્ટ યાદી અનુસાર, દિલ્હીમાં મતદારોની સંખ્યામાં ૩૨.૮ ટકા અને મહારાષ્ટ્રમાં ૨૧.૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.

દિલ્હી અને મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, દિલ્હીમાં જૈંઇ પહેલાં મતદારોની કુલ સંખ્યા આશરે ૧.૪૫ કરોડ હતી, જે હવે ઘટીને ડ્રાફ્ટ યાદીમાં ૯૭.૫૩ લાખ થઈ છે. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં મતદારોની સંખ્યા ૯.૭૮ કરોડથી ઘટીને ૭.૭૧ કરોડ થઈ છે. જૈંઇના ત્રીજા તબક્કામાં અત્યાર સુધી ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૬.૧૫ કરોડ નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના આંકડા અનુસાર, ૩.૫૬ ટકા મતદારોને મૃત તરીકે ઓળખવામાં આવ્યા હતા.

# અડધા દેશમાં વરસાદની અછત વચ્ચે અનેક જિલ્લાઓમાં દુષ્કાળની દહેશત

## અનેક જિલ્લાઓ કે રાજ્યો એવા છે કે જ્યાં પાણીની અછતને પગલે પાકને ભારે નુકસાનની ભીતિ

નવી દિલ્હી,

ઓગસ્ટ મહિનામાં ત્રણ વર્ષનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઓગસ્ટમાં સામાન્ય કરતા ૧૬ ટકા ઓછો વરસાદ પડયો છે. સપ્ટેમ્બર મહિનામાં પણ સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની શક્યતાઓ છે, એટલે કે ૯૧ ટકાથી પણ ઓછો વરસાદ પડી શકે છે. ઓછા વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. અનેક જિલ્લાઓ કે રાજ્યો એવા છે કે જયાં પાણીની અછતને પગલે પાકને ભારે નુકસાનની ભીતિ છે.

ભારતમાં ૫૦ ટકા જેટલી ખેતીની જમીન વરસાદના પાણી પર નિર્ભર છે, જુનથી સપ્ટેમ્બર સુધીનો વરસાદ ખેતી માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જુલાઇ મહિનામાં થોડો સારો વરસાદ પડયો હતો જો કે ઓગસ્ટ મહિનામાં નિરાશા હાથ લાગી હતી. અલ નીનોને કારણે સપ્ટેમ્બર મહિનો સામાન્ય કરતા ગરમ રહેવાની શક્યતાઓ છે. જેને પગલે હાલ જે પાક ઉભો છે તેને પાણી વગર નુકસાન થવાની શક્યતાઓ છે. જે વિસ્તારમાં સિંચાઇની સુવિધા નથી ત્યાં ખેડૂતોને ભારે નુકસાનની ભીતિ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ જુનથી ઓગસ્ટ સુધી ૧૩ ટકા વરસાદની અછત નોંધાઇ છે. ઓગસ્ટ મહિનામાં ૧૬.૩ ટકા અછત નોંધાઇ છે. ૩૧મી ઓગસ્ટ સુધીમાં દેશના લગભગ ૩૫૦ જિલ્લાઓમાં વરસાદની અછત છે, એટલે કે દેશના ૪૭ ટકા વિસ્તારમાં દુષ્કાળની ભીતિ છે જેને પગલે મોંઘવારી પણ વધવાની શક્યતાઓ છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે અલ નીનોની અસર ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં જ ઓછી થવાની શક્યતાઓ છે. ઓગસ્ટ મહિનામાં પણ અલ નીનોની માઠી અસર રહી જેને પગલે ૧૯૦૧ પછી સૌથી વધુ ૨૮.૧ ડિગ્રી તાપમાન રહ્યું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના ૭.૮% જીડીપી વૃદ્ધિને અસાધારણ સિદ્ધિ ગણાવી

## વડાપ્રધાને કહ્યું કે આ વૃદ્ધિ દેશના લોકોની સામૂહિક શક્તિનું પરિણામ

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ વિશે ટ્વિટ કર્યું. તેમણે ૭.૮ ટકાના વિકાસને અસાધારણ સિદ્ધિ ગણાવી. આ આંકડો દેશની મજબૂત આર્થિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે અને વૈશ્વિક મંચ પર ભારતની વધતી જતી શક્તિનો પુરાવો છે.

પોતાના ટ્વિટમાં, વડાપ્રધાને કહ્યું કે આ વૃદ્ધિ દેશના લોકોની સામૂહિક શક્તિનું પરિણામ છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ, તેલના ભાવમાં આંચકા અને પુરવઠા શૃંખલાની



સમસ્યાઓ છતાં ભારતે આ વૃદ્ધિ હાંસલ કરી. તેમણે કહ્યું કે નિરાશાવાદીઓ નિષ્ફળ ગયા, અને ભારત ફરી એકવાર ખીલ્યું. આ વૃદ્ધિ દર ઘણા વિકસિત દેશો કરતા સારો છે.

આ ઉચ્ચ વૃદ્ધિ એવા સમયે આવી છે જ્યારે વિશ્વભરમાં આર્થિક પડકારો ચાલુ છે. તેલના વધતા ભાવ અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપો વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહ્યા છે. આ હોવા છતાં, ભારતે મજબૂત આર્થિક પ્રદર્શન દર્શાવ્યું છે. આ દેશની આંતરિક તાકાત અને સરકારી નીતિઓનું પરિણામ છે. આ આંકડો ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતાને દર્શાવે છે.જુલાઈમાં ભારતનો ઔદ્યોગિક વિકાસ દર ૬.૭% હતોઃ ખાણકામ ક્ષેત્રમાં ઘટાડાથી ગતિ ધીમી પડી, જ્યારે ઈલેક્ટ્રિકલ ઉપકરણોએ ટેકો પૂરો પાડ્યો.

વડા પ્રધાન મોદીએ આ વૃદ્ધિને દેશના લોકોની સામૂહિક શક્તિનું પ્રતીક ગણાવ્યું. તેમનો સંદેશ એ છે કે ભારતે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ તેની આર્થિક ગતિ જાળવી રાખી છે. તેમણે નિરાશાવાદીઓને જવાબ આપ્યો અને દેશના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત આપ્યો. આ ટ્વીટ દેશની આર્થિક પ્રગતિમાં ઊંડો વિશ્વાસ વ્યક્ત કરે છે.

# વાયબ્રન્ટ ગુજરાત સમિટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સના ગુજરાત પરના વિશ્વાસનું પ્રતિક અને નોલેજ શેરિંગ પ્લેટફોર્મ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



## ગુજરાતમાં દરેક નિવેશને વિકાસનું માધ્યમ-ઉદ્યોગોને રોજગારનો આધાર-ઈનોવેશનને ભારતની શકિત બનાવી વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાંસહભાગી થવા ઈન્વેસ્ટર્સ-બિઝનેસ લિડર્સને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન

નવી દિલ્હી,

ગુજરાતે સ્થિર સરકાર, સતત પ્રગતિ અને ઉદ્યોગલક્ષી નીતિઓના માધ્યમથી રોકાણ માટે વિશ્વસનીય વાતાવરણ ઊભું કર્યું છે : કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગવી સોચથી શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે વિશ્વને સંદેશ આપ્યો છે કે નીતિમાં સ્થિરતાં, નિર્ણયમાં પારદર્શિતા અને વ્યવસ્થામાં ગતિ હોય ત્યાં નિવેષકો આપોઆપ આકર્ષિત થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭' નવી દિલ્હીમાં યોજાયેલા કર્ટેન રેઈઝર એવેન્ટમાં આ મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ઈન્વેસ્ટર્સ અને બિઝનેસ લીડર્સને ગુજરાતમાં રોકાણોથી વિકાસયાત્રામાં સહભાગી બનવા નિમંત્રણ પાઠવતાં રાજ્યમાં હરેક નિવેશને વિકાસનું માધ્યમ, ઉદ્યોગને રોજગારનો આધાર, ઈનોવેશનને ભારતની શક્તિ બનાવીને વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના નિર્માણમાં ભાગીદાર બનવા આ ઈવેન્ટમાં આહવાન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં એક નવતર વિચાર સાથે વિશ્વના રોકાણકારોને ગુજરાત સાથે જોડવા વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી હતી. આ સમિટ આજે દુનિયાના ઉદ્યોગ-રોકાણકારોના ગુજરાત પરના વિશ્વાસનું પ્રતીક અને નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બની ગઈ છે તેમ તેમણે ગૌરવ સહ ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા, રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા તથા મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા સહિત મુખ્ય સચિવ એમ. કે. દાસ અને કેન્દ્ર-રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

નવી દિલ્હીના ભારત મંડપમાં સૌપ્રથમવાર યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ની આ પ્રમોશનલ ઈવેન્ટમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો, નિવેષકો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

# ગુજરાતની ખાનગી સ્કૂલ-કોલેજોમાં એનસીસી કેમ્પનો ૧૦૦% ખર્ચ હવે સરકાર ભોગવશે : ઠરાવ પસાર કરાયો

## ખાનગી સ્કૂલો અને કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓને વિવિધ કેમ્પોમાં જવા માટે ખર્ચ આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય

અમદાવાદ,

સરકારી સ્કૂલો અને કોલેજોના એનસીસી સ્ટુડન્ટસને વિવિધ નેશનલ કેમ્પોમાં ભાગ લેવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચની ચુકવણી કરવામાં આવે છે. જો કે ખાનગી સ્કૂલો-કોલેજોના એનસીસીના વિદ્યાર્થીઓએ પોતાના ખર્ચે જવુ પડતુ હોય છે અથવા તો ખર્ચ ખાનગી સ્કૂલ-કોલેજે ભોગવવો પડતો હોય છે. પરંતુ હવે રાજ્ય સરકાર ખાનગી સ્કૂલો-કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓ માટે કેમ્પનો તમામ ૧૦૦ ટકા ખર્ચ ભોગવશે. આ માટે રાજ્ય સરકારે ઠરાવ પણ કરી દીધો છે.

ગુજરાતની સરકારી સ્કૂલો અને કોલેજોના નેશનલ કેડેટ કોર્પ્સ(એનસીસી)ના રાષ્ટ્રીય કેમ્પો જેવા કે રીપબ્લિક ડે કોન્ટિન્જેન્ટ, થલ સૈનિક કેમ્પ, યુથ એકસચેન્જ પ્રોગ્રામ, વાયુ સૈનિક કેમ્પ, નેવી સૈનિક કેમ્પ તેમજ અન્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ-કામગીરીમાં સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થીઓ પસંદગી પામે ત્યારે સરકારી સ્કૂલો અને કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓને આ તમામ કેમ્પોમાં જવા માટે મિસિંગ, ટ્રાવેલિંગ જર્ની રેશન, ઈન્સિડેન્ટલ, પીઓએલ ચાર્જીસ સહિતના કેમ્પ ભથ્થા કેન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. પરંતુ રાજ્યની ખાનગી સ્કૂલો અને કોલેજોના એનસીસી કેડેટ્સ-સ્ટુડન્ટસને આવા નેશનલ કેમ્પોમાં જવા માટે કોઈ પણ પ્રકારનું ભથ્થુ આપવામાં આવતુ નથી. જેથી તમામ ખર્ચ વિદ્યાર્થીઓ-કેડેટ્સ પોતે ભોગવે છે. રાષ્ટ્રીય કક્ષાના કેમ્પોની પસંદગી પ્રક્રિયા માટે કેડેટ્સે અંદાજે ૪થીપ સ્પર્ધાત્મક કેમ્પોમાં ભાગ લેવાનો હોય છે. ખાનગી કોલેજો-સ્કૂલોના તેજસ્વી એનસીસી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યા હોવા છતાં આર્થિક ભારણના કારણે ભાગ લેવા અનિચ્છા દર્શાવતા હોય છે.

# રક્ષાબંધને બહેને નિભાવી રક્ષાની પરંપરા અંગદાન કરી ૪ દર્દીઓને આપ્યું જીવનદાન

અમદાવાદ,

રક્ષાબંધનના પવિત્ર પર્વે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે એક અત્યંત હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલા ૪૧ વર્ષીય મહિલાના પરિવારે દુ:ખની ઘડીમાં પણ અપાર હિંમત દાખવીને ગુપ્ત અંગદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. આ મહાદાનથી પ્રાપ્ત થયેલા એક હૃદય, એક લીવર અને બે કિડની થકી ચાર દર્દીઓને નવજીવન મળ્યું છે, જે તેમના પરિવારો માટે આશાનું નવું કિરણ બન્યું છે.

ઘટના અંગે વિગતવાર માહિતી આપતા સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૪૧ વર્ષીય મહિલાને ગંભીર બ્રેઈન હેમરેજ થતાં સિવિલ હોસ્પિટલનાૈઝેમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની સઘન સારવાર છતાં ગત તા. ૨૭ ઓગસ્ટના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. નિમેશ દેસાઈએ પરિવારજનોને અંગદાનના મહત્વ વિશે સમજ આપતાં, શોકગ્રસ્ત પરિવારે સહર્ષ સંમતિ આપી હતી.

ડૉ. રાકેશ જોશીએ વધુમાં ઉમેર્યું હતું કે, રક્ષાબંધનના પાવન પર્વે એક બહેનના અંગદાનથી ચાર પરિવારોમાં ખુશીઓની નવી સવાર ઊગી છે. અંગદાન એ કેવળ અંગોનું દાન નથી, પરંતુ કોઈના નિરાશ જીવનમાં આશા અને મુસ્કુરાહટ લાવવાનું શ્રેષ્ઠ મહાદાન છે.

આ ગુપ્ત અંગદાનથી પ્રાપ્ત થયેલું હૃદય યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપિત કરવામાં આવશે.

# FRA કાયદા હેઠળ વર્ષોથી જંગલની જમીન ખેડતા આદિવાસીઓને અધિકારપત્રો સાથે લાભો અપાશે

## જળ સંપત્તિ પાણી, પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળી, સાંસદ મનસુખભાઈ વસાવાના હસ્તે આદિવાસી ખેડૂતોના ઉપવાસના પારણા કરાવ્યા

સુરત,

રાજ્ય સરકારના સકારાત્મક અને સંવેદનશીલ અભિગમથી સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના અને નર્મદા જિલ્લાના સાગબારાના આદિવાસી ખેડૂતો વચ્ચે જંગલ જમીનના ખેડાણ અને હક-અધિકારો અંગેના વિવાદનો ઉમરપાડા તાલુકાના હરિપુરા ખાતે જળ સંપત્તિ પાણી, પુરવઠા મંત્રી અને નર્મદા જિલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળી, સાંસદ મનસુખભાઈ વસાવાની ઉપસ્થિતિમાં સુખદ અને શાંતિપૂર્ણ નિરાકરણ આવ્યું હતું.

રાજ્ય સરકારની આ સકારાત્મક ખાતરી બાદ ધરણા પર બેઠેલા તમામ આંદોલનકારી ખેડૂતોએ મહાનુભાવોના હસ્તે પારણાં કરીને ધરણા પૂર્ણ કર્યા હતા.

સમાજના છેવાડાના અને સાચા હકદાર નાગરિકને યોગ્ય ન્યાય મળે તે માટે રાજ્ય સરકારનો હંમેશાં સકારાત્મક દ્રષ્ટિકોણ રહ્યો છે એમ જણાવી વન મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ કહ્યું કે, ખેડૂતોની આ રજૂઆતો અને સ્થાનિક સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને રાજ્ય સરકારે ત્વરિત પગલાં લીધાં છે. નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ સાંસદશ્રી અને સ્થાનિક ધારાસભ્યો- લોકપ્રતિનિધિઓ સાથે ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ખેડૂતોના પ્રશ્નોનો કાયદાકીય અને ન્યાયી ઉકેલ લાવવા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે.

વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આવનારા સમયમાં વન વિભાગ દ્વારા આદિવાસી સમાજના ભાઈ-બહેનોને સ્થાનિક કક્ષાએ વધુને વધુ રોજગારી મળી રહે તે માટે સુચારુ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, 'કુસુમ યોજના' હેઠળ જરૂરી તમામ પ્રકારની સવલતો અને વ્યવસ્થા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. સમાજના અંતિમ હરોળ પર બેઠેલો માનવી પણ વિકાસની અગ્રિમ હરોળમાં આવે તે માટે સરકારે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આપણા આદિવાસી નાગરિકોના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વનવાસી ભાઈ-બહેનોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે સરકારે અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓથી લાભાન્વિત કર્યા છે.

# સાઉદી અરેબિયાથી દિલ્હી જતી ફ્લાઈટનું અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડીંગ

અમદાવાદ,

શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોમવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની એક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાઉદી અરેબિયાના દમામ શહેરથી દિલ્હી જઈ રહેલી આ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતાં જ સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી અને વિમાનને રસ્તામાંથી ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું હતું.

આ ઘટના મામલે મળતી માહિતી મુજબ, ફ્લાઈટ હવામાં હતી તે સમયે વિમાનના શૌચાલયમાંથી એક ટીશ્યુ પેપર મળી આવ્યું હતું, જેના પર વિમાનમાં 'બોમ્બ' હોવાની ધમકી લખેલી હતી. આ ધમકીભર્યો પત્ર નજરે પડતાં જ ફ્લાઈટ ક્રૂએ તરત જ આ અંગે પાઈલટને જાણ કરી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાઈલટે તાત્કાલિક એર ટ્રાફિક કન્ટ્રોલ (ATC) નો સંપર્ક સાધ્યો હતો અને નજીકના અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ માટે પરવાનગી માંગી હતી.લેન્ડિંગની મંજૂરી મળતાં જ એરપોર્ટ પર ઈમરજન્સી પ્રોટોકોલ લાગુ કરી દેવામાં આવ્યો હતો. ફાયર ફાઈટર્સ અને એમ્બ્યુલન્સની ટીમો રનવે પર તૈનાત કરી દેવાઈ હતી. વિમાનમાં ૩૨ મુસાફરો ઉપરાંત ક્રૂ મેમ્બર્સ હાજર હતા.

અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ થયા બાદ તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને ઝડપથી અને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કાઢીને એરપોર્ટના સેફ એરિયામાં લઈ જવામાં આવ્યા હતા.

# વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં તમામ દોષિતોને છેલ્લા શ્વાસ સુધીની કેદની સજા

## પીડિતાને ૧૦ લાખનું વળતર પણ આપવાનો કોર્ટનો આદેશ

વડોદરા,

વડોદરાના ચકચારી ભાયલી ગેંગરેપ કેસમાં આજે વડોદરાની પોક્સો કોર્ટે જે ૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા તેમને સજા સંભળાવી. કોર્ટે તપામ પાંચેય આરોપીઓને છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહેવાની સજા ફટકારી છે. આ ઉપરાંત પીડિતાને ૧૦ લાખનું વળતર પણ આપવાનો આદેશ આપ્યો છે. અત્રે જણાવવાનું કે ૨૦૨૪માં નવરાત્રીમાં આ ઘટના ઘટી હતી.

૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નવરાત્રીના બીજા નોરતે આ ઘટના ઘટી હતી. જેમાં ભાયલી-બીલ રોડ નજીક અવાવરું સ્થળે ગરબા રમવા ગયેલી સગીરા અને તેનો મિત્ર બેઠા હતા. ત્યારે બાઈક પર આવેલા આ શખ્સોએ બોલાચાલી બાદ સગીરા સાથે અડપલાં કરવાના શરૂ કર્યા અને દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પાંચેય આરોપીની ધરપકડ કરી હતી. માત્ર ૧૭ દિવસમાં ૬ હજારથી વધુ પાનાની ચાર્જશીટ રજૂ કરાઈ હતી. આ કેસમાં મુન્ના, શાહરુખ, મુમતાઝ, અજમલ અને સૈફઅલી બનજારા દોષિત ઠર્યા હતા.

સરકારી વકીલ અનિલ દેસાઈએ જણાવ્યું કે દોષિતોને કેટલી સજા કરવી એ અંગે આજે નામદાર કોર્ટમાં દલીલો થઈ હતી. કાયદાની જોગવાઈ મુજબ અને ગુનાની કલમો હેટળ જે મહત્તમ સજાની જોગવાઈ છે એ પ્રમાણે તેમને છેલ્લા શ્વાસ સુધીની સજા થાય. કોર્ટને ફાંસીની સજા યોગ્ય ન લાગે તેવા સંજોગોમાં આરોપીઓને આજીવન કેદ (છેલ્લા શ્વાસ સુધીની સજા એ મહત્તમ સજા) થાય.

૨૦૨૪ નવરાત્રીના બીજા નોરતે સગીરા પર દુષ્કર્મની ઘટના બની હતી. સગીર પીડિતા પોતાના મિત્રને રાત્રે ૧૧.૩૦ વાગે મળી હતી. સગીરા મિત્રની સ્કૂટી પર બેસી ભાયલી ગઈ હતી. રાત્રે ૧૨ વાગે બે બાઈક પર સવાર ૫ લોકોએ તેમને જોયા હતા. તે સમયે પીડિતા અને તેના મિત્ર સાથે માથાકૂટ કરી હતી. આ દરમિયાન ૫ માંથી ૨ વ્યક્તિ નીકળી ગયા હતા. પરંતુ ૨ યુવકોએ પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

# ખાંડના વિતરણ અને ચલણ ભરવાની મુદત ગુરુવાર સુધી લંબાવાઈ

## તહેવારોમાં નાગરિકોની જરૂરિયાત મુજબ પૂરતો ખાંડનો જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર,

અન્ન, નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નોંધાયેલા અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડધારકોને તહેવારોમાં ખાંડનો પૂરતો જથ્થો સરળતાથી મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. વાજબી ભાવના દુકાનદારો માટે સપ્ટેમ્બર-૨૦૨૬ માસના ખાંડ સહિતની અન્ય જણસીઓના ચલણ ભરવાની છેલ્લી તારીખ લંબાવીને હવે તા.૦૩/૦૯/૨૦૨૬ કરવામાં આવી છે.

ખાંડ વિતરણના નિયમો અને રાહત દર રાજ્યમાં અંત્યોદય તથા બી.પી.એલ. કેટેગરીના રેશનકાર્ડ ધારકોને કુટુંબના સભ્યોની સંખ્યા મુજબ ખાંડનું વિતરણ કરવામાં આવે છે. જેમાં અંત્યોદય કાર્ડધારકો માટે રૂ. ૧૫ પ્રતિ કિ.ગ્રા. તેમજ બી.પી.એલ. કાર્ડધારકો માટે રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા. ના દરે વિતરણ કરવામાં આવે છે.

આગામી તહેવારોને ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા એક માસ અગાઉ એટલે કે ઓગસ્ટ-૨૦૨૬માં જ પરિવારની જરૂરિયાત મુજબ ખાંડની ફાળવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭,૧૦૦ મેટ્રિક ટન ખાંડનો જથ્થો લાભાર્થીઓને વિતરિત કરવામાં આવ્યો છે.

# સંસ્કૃત ભાષા સંસ્કાર, સંસ્કૃતિ અને આચાર-વિચારનું પ્રતિક – રાજ્ય મંત્રી ત્રિકમ છાંગા

## ગાંધીનગરમાં યોજાયો રાજ્યસ્તરીય દ્વિતીય સંસ્કૃત-સપ્તાહ-મહોત્સવ

અમદાવાદ,

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા 'વિકસિત ભારત અભિયાન' અંતર્ગત ગાંધીનગરના ટાઉન હોલ, સેક્ટર-૧૭ ખાતે "રાજ્યસ્તરીય દ્વિતીય સંસ્કૃત-સપ્તાહ-મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંબોધતા રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે,સંસ્કૃત ભાષા માત્ર ઉજવણી કે પ્રચાર-પ્રસાર પૂરતી સીમિત ન રહેતાં તેના વાસ્તવિક અને દૈનિક વ્યવહારમાં ઉપયોગ વધે તે દિશામાં રાજ્ય સરકાર અને



સંસ્કૃત બોર્ડ દ્વારા સઘન પ્રયાસો થઈ રહ્યા છે. સંસ્કૃત એ માત્ર ભાષાકીય અભિવ્યક્તિ નથી, પરંતુ તે આપણી પ્રાચીન સંસ્કૃતિ, સંસ્કાર, આચાર અને વિચારનું પ્રતિક છે.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રાચીન સમયમાં આપણી મહાન સંપત્તિ અને સાહિત્ય સંસ્કૃત ભાષામાં જ જળવાયેલું હતું. રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓ અને ૨૩૧ તાલુકાઓ સુધી પહોંચીને અંદાજે ૩ લાખથી વધુ લોકો સુધી સંસ્કૃત સપ્તાહની પ્રવૃત્તિઓ વિસ્તારવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ -ᕋઈના અમલીકરણ સાથે સંસ્કૃત ભાષાનું પુનરુત્થાન થશે અને પ્રાચીન ઋષિ પરંપરાને પુનર્જીવિત કરી શકાશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે બજેટમાં માતબર રકમની ફાળવણી કરી છે, જે સંસ્કાર, સંસ્કૃતિ અને શિક્ષણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# પડતર માગણીઓનો ઉકેલ ન આવતા મધ્યાહન ભોજન કર્મચારીઓની આંદોલનની ચીમકી

## સરકાર તરફથી માંગણીઓ અંગે નિર્ણય ન આવતા કર્મચારીઓએ હડતાળની ચીમકી આપી

ગાંધીનગર,

ગુજરાતમાં મધ્યાહન ભોજનના કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈને હવે આંદોલનના એંધાણ જોવા મળી રહ્યા છે. લાંબા સમયથી પોતાની વિવિધ માંગણીઓને લઈને રજૂઆત કરી રહેલા મધ્યાહન ભોજનના કર્મચારીઓની માંગણીઓ પર સરકાર દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના કારણે કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. હવે જો સરકાર દ્વારા તેમની પડતર માંગણીઓ પર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો કર્મચારીઓ આંદોલનના રસ્તે જવાની તૈયારીમાં છે.

મળતી માહિતી મુજબ, મધ્યાહન ભોજનના કર્મચારીઓ દ્વારા પોતાની માંગણીઓને લઈને સરકાર સમક્ષ અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. કર્મચારીઓનું કહેવું છે કે તેઓ બાળકો માટે મધ્યાહન ભોજનની કામગીરી સાથે જોડાયેલા છે અને પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પર ધ્યાન આપવામાં આવતું નથી. સરકાર તરફથી માંગણીઓ અંગે નિર્ણય ન આવતા હવે કર્મચારીઓએ હડતાળની ચીમકી આપી છે.

મધ્યાહન ભોજનના કર્મચારીઓ દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. કર્મચારીઓનું કહેવું છે કે જો સરકાર તેમની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહીં કરે તો તેઓ ગાંધીનગર ખાતે એકઠા થઈને પોતાના પ્રશ્નોને લઈને અવાજ ઉઠાવશે. આ આંદોલન દ્વારા સરકાર સુધી પોતાની માંગણીઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

કર્મચારીઓની સૌથી મોટી માંગ લઘુત્તમ વેતનને લઈને છે. મધ્યાહન ભોજનના કર્મચારીઓની માગ છે કે તેમને ઓછામાં ઓછું ૩૦ હજાર રૂપિયા લઘુત્તમ વેતન આપવામાં આવે. કર્મચારીઓનું કહેવું છે કે આજના સમયમાં મોંઘવારી વધી રહી છે અને તેમની મહેનતને ધ્યાનમાં રાખીને યોગ્ય વેતન મળવું જરૂરી છે. તેથી ૩૦ હજાર રૂપિયાનું લઘુત્તમ વેતન આપવાની તેમની મુખ્ય માંગ છે.

આ ઉપરાંત મધ્યાહન ભોજનના કર્મચારીઓએ વીમા અથવા મુખ્યમંત્રી રાહત નિધિમાંથી ૪ લાખ રૂપિયા આપવાની પણ માંગ કરી છે. કર્મચારીઓનું કહેવું છે કે કામ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેમના પરિવારને આર્થિક સુરક્ષા મળી શકે તે માટે વીમાની વ્યવસ્થા હોવી જરૂરી છે.


# ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલા પર પ્રતિબંધ વધુ એક વર્ષ લંબાવાયો

## ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ તથા ઉત્પાદન પર પ્રતિબંધનો અમલ

અમદાવાદ,

ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ તથા ઉત્પાદન સામે રાજ્ય સરકારે વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લંબાવ્યો છે. ફૂડ સેફ્ટી કમિશનર દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે.

રાજ્યભરમાં તમાકુ અથવા નિકોટીન ધરાવતા ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે.



ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી આવા ઉત્પાદનો સામે પ્રતિબંધનો અમલ કરવામાં આવી રહ્યો છે અને હવે તેની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવી છે.

સરકારનો આ આદેશ માત્ર ચોક્કસ બ્રાન્ડ અથવા નામથી વેચાતા ગુટખા સુધી મર્યાદિત નથી. તમાકુ કે નિકોટીન ધરાવતા પાન મસાલા તેમજ અલગ-અલગ વેચાતા એવા ઘટકો, જેને ભેગા કરીને અંતિમ રીતે ગુટખા અથવા પાન મસાલા તૈયાર કરવામાં આવે છે, તેમના પર પણ પ્રતિબંધ લાગુ રહેશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે પ્રતિબંધિત ઉત્પાદનોનું ઉત્પાદન, સંગ્રહ, વિતરણ કે વેચાણ કરતા લોકો સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આથી વેપારીઓ અને ઉત્પાદકોને પ્રતિબંધિત વસ્તુઓના વ્યવહારમાંથી દૂર રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

ફૂડ સેફ્ટી વિભાગની યાદીમાં તમાકુ અને નિકોટીનયુક્ત ઉત્પાદનોના સેવનથી સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# ખેલ મહાકુંભ-૨૦૨૬ માટે તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન અરજી કરવી

અમરેલી:
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ તા. ૨૨-૦૯-૨૦૨૬ સુધીમાં https://khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ઉલ્લેખનીય છે કે, નિયમો અનુસાર પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે અને રોકડ પુરસ્કાર મેળવવા માટે એક જ KMK ID થી બંને રમતોનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. જૂના ખેલાડીઓએ પોતાના જૂના KMK ID નો જ ઉપયોગ કરવાનો રહેશે. અંડર-૯, ૧૧, ૧૪ અને ૧૭ની વયજૂથના શાળાના વિદ્યાર્થીઓએ પોતાની શાળામાંથી, જ્યારે કોલેજના વિદ્યાર્થીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ ઉપરાંત ૪૦ અને ૬૦ વર્ષથી ઉપરના, ઓપન એઈજ ગ્રુપના તેમજ અભ્યાસ ન કરતા ખેલાડીઓ પોતાના મોબાઈલ દ્વારા અથવા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

વધુ વિગત માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે અથવા માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૭૪૬૧૫૧ પર સંપર્ક કરવો તેમ જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# અમરેલી શહેરની માધ્યમાં ૨૦૮થી વધુ વર્ષોથી બિરાજતા ઐતિહાસિક નાગનાથ મહાદેવ

## શ્રાવણ માસમાં દર્શન માટે ભક્તોની ભારે ભીડ:પૂ.જલારામ બાપાના ગુરુ ભોજા ભગતના હસ્તે મંદિરનું બાંધકામ કરાવવામાં આવ્યું હતું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી શહેરના મધ્યમાં આવેલું અતિઐતિહાસિક નાગનાથ મહાદેવ મંદિર ૨૦૮થી વધુ વર્ષોથી આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. શ્રાવણ માસ સહીત ૧૨ મહિના દરમિયાન અહી ભગવાન શિવના દર્શન અને પૂજન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. અમરેલીમાં આવેલ નાગનાથ મંદિર ૨૦૮ વર્ષ જૂનું છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડના પ્રતિનિધિ તરીકે સૌરાષ્ટ્રની વ્યવસ્થા સંભાળવા આવેલા સરસૂબા વિઠ્ઠલરાવ દેવાજીના હસ્તે મંદિરનું બાંધકામ થયું હતું.

શહેરના મધ્ય વિસ્તારમાં આવેલા આ મંદિરની સ્થાપના અંગે વિવિધ લોકવાયકાઓ પ્રચલિત છે. લોકવાયકા મુજબ વિક્રમ સંવત ૧૮૫૯માં મંદિરનો પાયો નંખાયો હતો. નાગનાથ મહાદેવના પ્રાગટ્યને લઈને પણ અનેક ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે. એક લોકવાયકા પ્રમાણે એક ગાય દ્વારા શિવલિંગ ઉપર દૂધની ધાર કરવામાં આવતી હોવાના કારણે સ્થળનું મહત્ત્વ વધ્યું હતું.



નાગનાથ મહાદેવ મંદિર સાથે પૂ.જલારામ બાપાના ગુરુ ભોજા ભગતનું નામ પણ જોડાયેલું હોવાનું સ્થાનિકોમાં માનવામાં આવે છે. લોકવાયકા મુજબ ભોજા ભગતના હસ્તે મંદિરનું બાંધકામ કરાવવામાં આવ્યું હતું. મંદિરના ઈતિહાસ સાથે જોડાયેલી આવી અનેક માન્યતાઓ આજે પણ શ્રદ્ધાળુઓમાં પ્રચલિત છે.

મંદિરની વિશેષતા એ છે કે,અહી નાગનાથ મહાદેવના દર્શન માટે માત્ર અમરેલી શહેર જ નહી પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ભક્તો આવે છે. શ્રાવણ માસ દરમિયાન વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની અવરજવર જોવા મળે છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા પૂજનવિધિ યોજાય છે.

શ્રી નાગનાથ મંદિર અમરેલીની ઐતિહાસિક ઓળખ અમરેલી શહેરની મધ્યમાં આવેલું નાગનાથ મંદિર આજે શહેરની ઐતિહાસિક તથા ધાર્મિક ઓળખનો મહત્વનો ભાગ બની ગયું છે. ૨૦૮ થી વધુ વર્ષ જૂના આ મંદિરની સ્થાપત્યકલા, ધાર્મિક પરંપરા અને તેની સાથે જોડાયેલી લોકવાયકાઓના કારણે મંદિર શ્રદ્ધાળુઓ તેમજ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ નાગનાથ મંદિરના પટાગણમાં માતા ગાયત્રી મંદિર, હનુમાનજી મંદિર, શીતળાજી મંદિર, માતા અંબાજીનું મંદિર, શિરડીવાલે સાઈબાબાનું મંદિર, ભગવાન શનિદેવનું તથા સિદ્ધિ વિનાયક ગણેશજીનું મંદિર પણ સ્થાપિત કરવામાં આવેલ છે.

# દામનગર અક્ષર ગ્રુપ આયોજિત જન્માષ્ટિમી મહોત્સવને લઈ સમીક્ષા કરાઈ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:દામનગર શહેર મા અક્ષર ગ્રુપ આયોજિત જન્માષ્ટમી મહોત્સવ ને લઈ તડામાર તૈયારી ની સમીક્ષા કરતા અક્ષર ગ્રુપ ના યુવાનો પોપટપરા થી પ્રસ્થાન થઈ ચભાડીયા રોડ સરદાર ચોક પુષ્ટિય માર્ગી હવેલી થી શ્રી વેજનાથ મહાદેવ મંદિર થી મુખ્ય રાજ માર્ગો ઉપર પરત મટુકી ઉત્સવ સાથે વિસર્જન ભવ્ય જન્માષ્ટમી અંગે સુશોભન રોશની નો ઝળહળાટ કમાન દરવાજા સમગ્ર રથ યાત્રા રૂટ ને નવોઢા માફક શુંગાર કરાયો વિવિધ સામાજિક સ્વૈચ્છિક સંસ્થા સંગઠનો મંડળો ના અગ્રણી ઓની મુલાકાત લઈ આમંત્રિત કરતા દામનગર અક્ષર ગ્રુપ ના યુવાનો



સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન માઈક્રો પ્લાનિંગ સાથે દિવ્ય જન્માષ્ટમી મહોત્સવ ને લઈ દામનગર પી એસ આઈ રાધનપુરા સાથે પરામર્શ બેઠક સમગ્ર પંથક મા જાહેર આમત્રંણ અઢારેય આલમ ને દિવ્ય જન્માષ્ટમી મહોત્સવ મા પધારવા અનુરોધ કરતા અક્ષર ગ્રુપ ના યુવાનો

# ઉના ખાતે ’ સવા પાંચ લાખ મહામૃત્યુંજય મંત્ર આરાધના ઉત્સવ” ભક્તિમય માહોલમાં સંપન્ન

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ઉનાના માધવ બાગ ખાતે શ્રી ખેતલીયા દાદા ભક્તિ મંડળ દ્વારા યોજાયેલ "સવા પાંચ લાખ મહામૃત્યુંજય મંત્ર આરાધના ઉત્સવ’ ખૂબ જ પદ્ધા, ઉત્સાહ અને દિવ્ય ભક્તિમય માહોલમાં

સફળતા પુર્વક સંપન્ન થયો છે. આ સમગ્ર ધાર્મિક મહોત્સવનું સફળ આયોજન શ્રી ખેતલીયા દાદાના પરમ ઉપાસક મથુરભાઈ ગાંધીના કુશળ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને દિવ્ય અને યાદગાર બનાવવા માટે



શ્રી ખેતલીયા દાદા ભક્તિ મંડળના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમ માં સવા પાંચ લાખ મહામૃત્યુંજય મંત્ર આરાધના ઉત્સવ મયુરભાઈ ગાંધી (પરમ ઉપાસક, શ્રી ખેતલીયા દાદા)ના માર્ગદર્શન નીચે શ્રી ખેતલીયા દાદા ભક્તિ મંડળ દ્વારા માધવ ભાગ,

ઉના ખાતે બપોરે ૨:૦૦ કલાકે શરૂ થયેલા જાપ અનુષ્ઠાનમાં મોટી સંખ્યામાં ભક્તો નિર્ધારિત ડ્રેસ કોડ (ભાઈઓ શ્વેત વસ્ત્રો અને બહેનો લાલ પરિધાન) સાથે જોડાવા હતા, જેનાથી સમગ્ર પરિસર શિવમય ભની ગયું હતું. અને સાંજે ૭:૦૦ કલાકે દિવ્ય મહાઆરતી સાથે ઉત્સવની ભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી. આતકે શ્રી ખેતલીયા દાદા ભક્તિ

# પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

અમરેલી:
પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે અને પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અંગેના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. નવા રજિસ્ટ્રેશન બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

મહત્વનું છે કે, પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અંતર્ગત, સ્ત્રી ભૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે.

સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃત્તિના વધારવા માટે આયોજન હાથ ધરવા અને દરેક રજિસ્ટર્ડ ક્લિનિકનું વેરિફિકેશન કરવા સૂચના આપવામાં આવી છે.

પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી. લગાવવા ફરજિયાત છે, જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામું અમલી કરવામાં આવ્યું છે.

બેઠકમાં પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પેન્શનરોના અવસાન બાદ તેના પરિવારને કેન્દ્રના ધોરણે પેન્શન આપવાની માંગ

## ફેમિલી પેન્શન પાત્ર ગ્રુપ દ્વારા ગાંધીનગર ખાતે સરકારના મંત્રીઓને રક્ષાસુત્ર બાંધી માંગ દોહરાવી

અમરેલી: કેન્દ્ર સરકારના પેન્શનરોના અવસાન બાદ તેમના અપરિણીત, વિધવા, ત્યકતા અને ડાયવર્સી પુત્રીઓને ઉંમર બાદ વગર ફેમિલી પેન્શન આપવાની જોગવાઈ પ્રમાણે ગુજરાત સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે નાણાકીય હકક હિસ્સા આપવાનું સ્વીકારેલ હોય આ જોગવાઈનો અમલ કરવાની માંગણી ઉઠી છે.

આ અંગેની વિગત એવી છે કે, રાજય સરકારના કર્મચારીના અવસાન બાદ તેમની અપરિણીત, વિધવા ત્યકતા અને ડાયવર્સી



પુત્રીઓને ઉમરના બાદ વગર કેન્દ્રના ધોરણે પેન્શન આપવાની જોગવાઈનો અમલ કરવાની માંગણી સાથે એક ફેમિલી પેન્શન પાત્ર ગ્રુપ દ્વારા સ્વર્ણીમ સંકુલ સચિવાલય ગાંધીનગર ખાતે સરકારના મંત્રીઓને રક્ષાસુત્ર બાંધી માંગણક્ષ દોહરાવી હતી.

# "સાફલ્ય ગાથા" સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પીટલ દ્વારા જટિલ ઈલાજની નિ:શુલ્ક સફળ સારવાર

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

ઉમરાળા ના ટીમ્બિ સ્વામી શ્રી નિર્દોષાનંદજી ના નિષ્ણાંત તબીબી સેવા જટિલ કેસ ની સફળ સારવાર ૨૧ લાખ જેવા મોટા ખર્ચ મા થી મુક્તિ મેળવતા દર્દી ના ચહેરા ઉપર સંતોષ નો ભાવ સ્પષ્ટ પણે દેખાઈ રહ્યો છે એક દર્દીને એસિડ પીવાના કારણે જઠ્ઠર અને નાના આંતરડાનો રસ્તો બંધ થઈ ગયેલો હતો




તેમના ઓપરેશન માટે આ દર્દીને સુરતની એક ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા માટે લગભગ એકવીસ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેવું કહેવામાં આવ્યુ હતુ

આ (ગેસ્ટ્રોજેજુનોસ્ટોમી એન્ડ જેજુનોજેજુનોસ્ટોમી) નામનુ ઓપરેશન સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ-ટીબી (જી.ભાવનગર) માં તા. ૨૦, ઓગસ્ટ-૨૦૨૬ ના રોજ હોસ્પિટલના સર્જીકલ વિભાગના નિષ્ણાંત સ્જી ડૉ બિનોય પટેલ તેમજ અનેસ્થેટિક ડૉ. અંકિતા મેરુલિયા (પટેલ) દ્વારા આ દર્દીનું તદ્દન વિનામુલ્યે સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવેલ છે. હોસ્પીટલના પ્રણેતા પુજયપાદ સદગુરુદેવશ્રીની કૃપાથી દર્દી સંપુર્ણ સ્વસ્થ છે

ટીમ મેમ્બર્સ તરીકે ડો. કૃણાલ ત્રિવેદી, ચિંતન પંડ્યા, મીનીબેન નૈયર અને કલ્પેશ રહ્યા હતા સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પીટલ મા પ્રવેશતાજ સદગુરુ ની જાણે હાજરી નો ભાસ કરાવતી ઈશ્વરી શક્તિ સાથે દેશ ની એક માત્ર કેશ કાઉન્ટર વગર ની સેવા કરતી માનવ સેવા ટ્રસ્ટ ની સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પીટલ મા ઉતમોતમ દર્દી નારાયણો ઈલાજ મા અકસીર નીવડી રહ્યો છે ખુબ ખર્ચાળ અને અતિ જટિલ કહી શકાય તેવી અસાધ્ય સારવાર કરી દર્દી ને નવ જીવન પ્રદાન કરાયું હતું

# ઉનાના સનખડા- ગાંગડા માર્ગ ધોવાયો:અકસ્માતનો ભય

## રિપેરિંગની વારંવાર રજૂઆત છતાં કાર્યવાહી નહીં

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

ઉના તાલુકાના સનખડા થી



ગાંગડા હાઈવેને જોડતો મુખ્ય માર્ગ ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ધોવાઈ ગયો છે. આ માર્ગ સનખડા સહિત આસપાસના ૧૦ થી ૧૨ ગામોના લોકો માટે સતત અવરજવરનો મુખ્ય રસ્તો છે. સનખડા ગામના સ્થાનિક સામાજિક કાર્યકર ગંભીરસિંહ ગોહિલના જણાવ્યા અનુસાર, આ રસ્તાના સમારકામ માટે ઉના તાલુકા માર્ગ અને મકાન વિભાગ તેમજ જિલ્લા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ને વારંવાર મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

તેમ છતાં, આ બાબતે કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી. રસ્તાનું સમારકામ, પ્રોટેક્શન દિવાલ બનાવવી કે ચેતવણી બોર્ડ લગાવવા જેવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગ્રામજનો અને મુસાફરોની માંગ છે કે કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં ઓછામાં ઓછું ચેતવણી બોર્ડ લગાવવામાં આવે, જેથી સંભવિત જોખમ ટાળી શકાય.

# ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર, ‘નેશનલ ન્યુટ્રીશન વીક’: શાકાહાર અપનાવો, રોગ ભગાવો

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભારતમાં ‘નેશનલ ન્યુટ્રીશન વીક’ મનાવવામાં આવે છે. જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા લોકો પણ એમની સાથે જોડાયા છે. ભારત દેશમાં તો પશુ-પક્ષી-પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ?મી માટે ઘુવડ, શીતળા માતા માટે ગધેડો, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઇન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે :




વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ આનાથી ઘણા વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક પણ વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી જ શકે છે.

શાકાહાર હ્રદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હ્રદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.

શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. શાકાહારનાં સેવનથી માનવશરીર બિનજરૂરી ચરબીનાં જમા થવાથી બચી જાય છે. હા, એ વાત અલગ છે કે સ્વસ્થ વ્યક્તિ અગર ચીઝ, જંક ફૂડ અને કોલ્ડ-ડ્રિંક્સનું ખાન-પાન ચાલુ રાખે છે, તો તેને ઘણી બધી આડઅસરો જોવા મળી શકે છે, તદુપરાંત ચરબીનાં થર જામશે એ અલગથી! સ્વસ્થતાનો માપદંડ ગણાતો ’બોડી માસ ઈન્ડેક્સ’ (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે.

શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે.

શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે.

શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઇડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

# પહેલું સુખ તે જાતે નર્યા તે સૂત્રને ચરિતાર્થ કરવા પ્રયાસો

## સન્ડે ઓન સાઈકલનો કોન્સેપ્ટ અમરેલી જિલ્લામાંથી ઉદભવ્યો. ડૉ. ભરત કાનાબાર આ કાર્યક્રમના પ્રણેતા છે.

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લામાં અમરેલી ખાતે હનુમંત રાઈડ્સ નામનું એક ગ્રુપ દર રવિવારે સાઈકલ પ્રવાસ દ્વારા વિવિધ ઐતિહાસિક, ધાર્મિક સ્થળોની મુલાકાત લે છે.શ્રી વિશાલ ગઢીયાનાઓ દ્વારા આ રવિવારે અમરેલીથી ભેસવડી (૨૫ કિલો મીટર દૂર) ખાતે આવેલ શેત્રુંજી કાઠે બિરાજમાન શ્રી ભેંસવડીયા મહાદેવ મંદિર ખાતે સાયકલ રેલીનું આયોજન કરાયું.

ત્રિમંદિર ખાતેથી સાયકલ રેલીને ડૉ. નીતિન ત્રિવેદી (બાળ રોગ નિષ્ણાત) દ્વારા લીલી ઝંડી આપી આ યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ તકે શ્રી આનંદ ભટ્ટ (પૂર્વ પ્રમુખ, જિલ્લા શિક્ષક શરાફી મંડળી) તથા શ્રી અશોક જોષી (પૂર્વ કમાન્ડન્ટ, હોમ




ગાર્ડ, અમરેલી)તથા રઘુ રમકડુંનાઓ ઉપસ્થિત રહેલ.આ યાત્રા દરમિયાન પ્રાકૃતિક ખેતીની વાતને સમજવા તેમજ વધાવવા અને પ્રત્યક્ષ નિહાળવા વચ્ચે વંદે ગિરનાર ફાર્મ ની મુલાકાત કરવામાં આવી. ડૉ.ખસિયા દ્વારા પ્રાકૃતિક ખેતી નું મહત્વ, આયોજન, ઉત્પાદન તેમજ વિવિધ ફળફળાદી વિશે ખૂબ રસપૂર્વક માહિતી આપવામાં આવી. નિર્ધારીત સ્થળ શેતલ ગંગા કાંઠે બિરાજમાન શ્રી ભેંસવડિયા મહાદેવ ખાતે પહોંચી સર્વે દર્શન અને પૂજાનો લાભ લીધો.શ્રાવણ માસ હોય સવે મહાપ્રસાદ આરોગી સૌએ ખુશી વ્યક્ત કરી.તેમ શ્રી વિશાલ ગઢીયા, ફાઉન્ડર, હનુમંત રાઇડર્સ, અમરેલીનાઓની યાદી જણાવે છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## એઆઇ પાછળનો ખર્ચ : વિકાસની દોડ કે જોખમી જુગાર?

આજના યુગમાં કૃત્રિમ બુદ્ધિ એટલે કે માણસની જેમ શીખી અને કામ કરી શકતી નવી ટેક્નોલોજી દુનિયાની અર્થવ્યવસ્થાને ઝડપથી બદલી રહી છે. અમેરિકા આ દોડમાં સૌથી આગળ છે. પરંતુ આ દોડ સાથે એક મોટો પ્રશ્ન પણ ઊભો થયો છે. કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલો અતિશય ખર્ચ ખરેખર એટલો જ લાભ આપશે કે અમેરિકન મીડિયામા આપવામાં આવેલી માહિતી આ પ્રશ્નને ગંભીર બનાવે છે. અમેરિકામાં કૃત્રિમ બુદ્ધિ પાછળ અબજો ડોલરનો ખર્ચ થઈ રહ્યો છે. મોટી કંપનીઓ નવી વ્યવસ્થા ઊભી કરવા માટે સતત રોકાણ કરી રહી છે. પરંતુ તેના પ્રમાણમાં મળનારો આર્થિક લાભ કેટલો હશે તે અંગે નિષ્ણાતોના અંદાજ અલગ છે. એટલે માત્ર મોટા ખર્ચને વિકાસનું પ્રમાણ માનવું યોગ્ય નથી.ખર્ચ વધે છે, પણ લાભની ખાતરી નથી!

કૃત્રિમ બુદ્ધિ પાછળ અમેરિકામાં થઈ રહેલો ખર્ચ ઝડપથી વધી રહ્યો છે. કંપનીઓ વિશાળ કમ્પ્યુટર કેન્દ્રો બનાવી રહી છે. નવી ચીપ, વીજળી, માહિતી સંગ્રહ અને અન્ય સાધનો પાછળ પણ મોટું રોકાણ થઈ રહ્યું છે.આ રોકાણથી રોજગાર ઊભો થાય છે. નવી કંપનીઓ જન્મે છે. સંશોધનને વેગ મળે છે. પરંતુ બીજી બાજુ એવો પ્રશ્ન પણ છે કે આટલા મોટા ખર્ચ સામે વાસ્તવિક ઉત્પાદન અને આવક કેટલી વધશે?આ જ જગ્યાએ સાવચેતી જરૂરી છે.જૂના અનુભવમાંથી શીખવાની જરૂર અમેરિકાએ અગાઉ પણ નવી ટેક્નોલોજીના અનેક તબક્કા જોયા છે. કેટલીક નવી શોધોએ અર્થતંત્રને લાંબા સમય સુધી મજબૂત બનાવ્યું. કેટલીક શોધો થોડા સમય માટે ખૂબ લોકપ્રિય બની, પરંતુ પાછળથી તેમનું મહત્વ ઘટ્યું.કૃત્રિમ બુદ્ધિ અંગે પણ આવું જ થશે કે તે લાંબા સમય સુધી અર્થતંત્રને બદલશે, તે આજે ચોક્કસ કહી શકાય નહીં. તેથી માત્ર ઉત્સાહમાં આવીને અતિશય ખર્ચ કરવો યોગ્ય નથી. ટેક્નોલોજીનો વિકાસ જરૂરી છે, પરંતુ તેની સાથે વાસ્તવિક લાભનું મૂલ્યાંકન પણ એટલું જ જરૂરી છે.અર્થતંત્ર માટે નવી તક ઊભી થઈ હોય તેવું લાગે છે પરંતુ વાસ્તવિકતા અલગ છે એ વસ્તુ સાચી છે કે કૃત્રિમ બુદ્ધિમાં ઘણી મોટી સંભાવનાઓ છે. દવાઓના સંશોધનથી લઈને ખેતી સુધી તેનો ઉપયોગ થઈ શકે છે. શિક્ષણ, બેન્કિંગ, ઉદ્યોગ, વાહનવ્યવહાર અને સરકારી સેવાઓમાં પણ કામ સરળ બની શકે છે.

માણસ જે કામમાં કલાકો લગાવે છે તે કામ થોડા સમયમાં થઈ શકે છે. માહિતીનું વિશ્લેષણ ઝડપથી થઈ શકે છે. ભૂલો ઘટાડવામાં મદદ મળી શકે છે. નાના ઉદ્યોગોને પણ નવી બજાર તક મળી શકે છે.આથી કૃત્રિમ બુદ્ધિને માત્ર ખર્ચ તરીકે જોવી પણ યોગ્ય નથી. તે યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય તો વિકાસનું મોટું સાધન બની શકે છે.પરંતુ અતિશય અપેક્ષા પણ ખતરનાક બની રહી છે.મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે ટેક્નોલોજી પાસેથી અતિશય અપેક્ષા રાખવામાં આવે. દરેક સમસ્યાનો ઉકેલ કૃત્રિમ બુદ્ધિ આપી દેશે એવી માન્યતા યોગ્ય નથી.કૃત્રિમ બુદ્ધિ પોતે વીજળી, સાધનો, માહિતી અને વિશાળ માળખા પર આધારિત છે. એટલે તેની પાછળનો ખર્ચ પણ સતત વધતો જાય છે.જો કંપનીઓ અતિશય ખર્ચ કરે અને તેના પ્રમાણમાં આવક ન વધે તો આ રોકાણ ભારે બોજ બની શકે છે.

# દેખાણી ખાનદાનીની ખોટ

**જૂના જમાનામાં ગામ ભાંગવા બહારવટિયાનું પાળ ચડી આવતું ત્યારે ગામના પાદરના ખોરડેથી બાપ વગરની દીકરીએ ખીંટીએથી બંદૂક ઉતારીને પાળની સામે થઈ પડકારો કર્યો ને બહારવટિયાએ પારોઠનાં પગલાં ભર્યાં**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સમી સાંજનું ટાણું હતું. આકાશનું અંધારું ધીમે ધીમે ઉતરી રહ્યું હતું. વગડાનો કોલાહલ હજુ ગામ તરફ પાછો વળ્યો નહોતો. તેથી કેટલાય ઘરોમાં દિવાઓ પ્રગટ્યા નહોતા. એકાદ બે ઘરોમાં ચૂલાનો ઓકેલો ધૂમાડો નળિયાવાળા છાપરે ઘૂમરાઈ આકાશે ચડતો હતો. ગામની શેરીઓ નિરાધાર અંધ બનીને સૂમસામ હતી. ભૂખ્યાં કૂતરાં ટોળે વળી બિહામણા રાગડા તાણી રહ્યાં હતાં.

' આ ગામને પાદર, હોબાળો શાનો છે ?'

હોકારા દેકારા કરતું ટોળું જોઈને ગામના કેટલાય નામર્દ ઘર બંધ કરીને બીકના માર્યા ભાગી ગયેલા. ટોળું ગામના ઝાંપે ચઢી લોકોનાં ઘર તરફ વળ્યું અને જુવાનજોધ દીકરીએ ઘરની દીવાલે ટીંગાતી બંદૂક હાથમાં પકડી, પડકારો કરતાં, સામે હડી કાઢી,''માનું દૂધ પીધું હોય તો ઊભા રહેજો, નામર્દો ! બંદૂકના એકએક ભડાકે એક એકને..."અને ટોળું ગામની શેરીએથી ઘબરાટી બોલાવતું પાદર ભણી ભાગ્યું.

દીકરીના બાપુ વહેલા ગામતરે ગયા. તેમની અંતિમ ઈચ્છા પૂરી કરવા દીકરીએ આજે ગામ ભાંગવા આવેલા મર્દોને એક હાંકલે પારોઠના પગલાં ભરાવ્યાં છે. તેદી આમ અચાનક ગામ ભાંગવા પાળ આવી ચડતું. આ ગામના ઝાંપે પહેલું જ ખોરડું આ દીકરીનું. તેથી તેના બાપુએ પોતાની આ એકની એક દીકરીને ચેતવી રાખેલી કે, ' ગામનું રખોપું આપણા ખોરડેથી જ થાય.' આ વાતને દીકરીએ હાડોહાડ ઉતારેલી તે આજે તેણે ગામનું રખોપું કરી બતાવ્યું.

ગામના લોકોને હાશકારો થયો. આગેવાનોએ આ ખોરડે આવીને દીકરીને શાબાશી આપતાં કહ્યું, ' તારા બાપુની ઈચ્છા પૂરી થઈ, એ જ અમારે મન તારા બાપુનું તર્પણ કર્યા બરાબર છે, તું તો દીકરી નહીં પણ એભલ બાપુનો દીકરો છો, હો ! પણ તારી અંતિમ ઈચ્છા શું છે દીકરી ?'







‘ આપણું ગામ ભાંગવા માટે આવી રીતે જયારે કોઈ પાળ આવી ચડે ત્યારે ગામ એક સંપ કરીને તેને પાછું વાળે એવા મર્દો આ ગામમાં પાકે, આ મારી અંતિમ ઈચ્છા છે.'

' પણ દીકરી ! ' એક ઘરડા આગેવાન બોલ્યા.

‘હા, ભા. પણ શું ? '

' પણ એ કે ગામના ખોરડે ખોરડે તારા બાપુ જેટલી ખાનદાનીની ખોટ વર્તાય છે. ગામને જાળવવાની લાગણી દહાડે દહાડે લોકોમાંથી ઘટતી જાય છે.'

' ખાટલે મોટી ખોટ કે પાયો જ નહીં ! ' દીકરી બોલી.

'મારા ચારે ય હાથ તારા માથે, દીકરી ! મારા આશીર્વાદ છે તને. સુખી રહેજો. તમે ગામની ખૂબ મોટી સેવા કરી છે.'

આંગણે ખટલો ઢાળીને બેઠેલી માએ આવીને દીકરીના માથે પ્રેમથી હળવો હાથ ફેરવતાં કહ્યું, ' રણચંડી જગદંબાનો અવતાર !'

'તમારા આશીર્વાદ છે મા !'

માએ ગામના આગેવાનોને કહ્યું , ' હવે ગામને સાચવજો હાં કે...'

ઘરડા આગેવાને કહ્યું, ‘સાંભળ્યું, હવે આપણે જાગીશું, ત્યાં સુધી ગામની કઠણાઈ બેસશે નહિ, દીકરી અને માને હવે સૂવા દઈએ.'

'હવે ઘણું મોડું થયું મા ! આરામ કરો તો સારું !' દીકરીએ કહ્યું.

મા બોલ્યા, 'પણ, રસોડામાં કોઠલો છે. તેની નીચે દાદી વખતનું માટલું છે. તેમાં મારાં કડલાં અને સાંકળા છે, થોડાક ચાંદીના સિક્કા છે. દાદાનો ચાંદીનો દાબડો છે- એ તો હું ભૂલી જ ગઈ છું. બહારવટિયા ગામ ભાંગવા આવે ત્યારે કોઠલા ફંફોસતા હોય છે, ત્યાંથી બધું હાથવગું કરી લેશે ને આપણને ભિખારી કરી મૂકશે. અગાઉ આપણી પાસે સોનાની વેઢ-વાળિયો ઘણું હતું. એક દસકો થ્યો, તું નાની હતી ને તારા બાપુ ને હું ઘર રેઢું મેલીને તારા મામાને ગામ ખીહર કરવા ગયેલાં ; ત્યારે આ ગામ પર પાળ આવેલું ને તાંસળા ભરી ભરીને રૂપિયાના સિક્કા ઉપાડી ગયેલા ને આપણું ઘરેણું પણ ઉપાડી ગયા, પણ આજે...આ માટીનું ખોરડું છે.. સમાજને સુધારી નહિ શકાય, બેટા ! આપણે સુધરવું પડશે !'

# હનુમાન દાદાને શંકરસુવન અને કેસરીનંદન કેમ કહેવાય છે?



વિશેષ

હનુમાનજી જ્યારે નાના હતા ત્યારે તેમણે સૂર્યબિંબને ફળ જાણી ખાવા માંડયું તે જોઈને વ્રજથી તેના જડબા (દાઢી-હનુ) ઉપર ઈન્દ્રએ પ્રહાર કર્યો હતો. પણ તેનું શરીર વ્રજ જેવું હોઈ તેમને કાંઈ અસર થઈ નહિ તેથી તે હનુમાન કહેવાણા પછી તેમણે સૂર્યને છોડી દીધો અને દેવોએ તેમને અત્તુલીત બળનું વરદાન આપ્યું. માતાની આજ્ઞાથી હનુમાને સૂર્ય પાસે જઈ સઘળી વિદ્યાઓ પ્રાપ્ત કરી એથી તે વિદ્યાવન તથા રુદ્રના અવતાર રૂપ હતા અને શંકર સુવન કહેવાય છે

હનુમાનજીના જન્મની કથા વાલ્મીકિ મુનિએ વર્ણવી નથી. પરંતુ જુદા જુદા દેવોના પુત્ર તરીકે ઓળખવામાં આવે છે એવું જોવા મળે છે કે જેમકે વાયુ (પવન) પુત્ર, કેસરી નંદન, શંકરસુવન, વગેરે વગેરે એટલે એમનાં જન્મની રહસ્યમય કથા જાણવી ઉપયોગી થશે.

શિવ પુરાણમાં શતરુદ્ર સંહિતામાં એવી કથા છે કે ભગવાન વિષ્ણુનું મોહિત સ્વરૂપ જોવા માટે શંકર વિષ્ણુ પાસે ગયા અને તે સ્વરૂપના દર્શન કરાવવા પ્રાર્થના કરી. વિષ્ણુએ માયા રચી પોતાનું અદ્ભૂત મોહિની સ્વરૂપ બતાવ્યું. આ સ્વરૂપે તેમણે દાનવોને ભરમાવી તેમની પાસેથી અમૃત કુંભ લઈ લીધો હતો અને દેવોને તે અમૃત પાઈ દીધું હતું. તેવી અમૃત મંથનની કથા છે. પછી શંકર ભગવાનને તે સ્વરૂપ બતાવ્યું. એટલે શંકરજી તેના મોહમાં પડી કામથી વ્યાકુળ થઈ તેની પાછળ દોડયાં તે વખતે તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. સપ્તર્ષિઓએ તેને પાંદડામાં લઈ લીધું અને ગૌતમની પુત્રી અંજનાના કાનમાં રેડી, તે દ્વારા અંજનાને શંકર જેવો મહાન પુત્ર થાય જેથી યોગ્ય સમયે એ ગર્ભરૂપે ઉત્પન્નથી વાનર સ્વરૂપનું શરીર ધારણ કરીને રામ કાર્ય માટે ઉપયોગી બને. (શિવ પુરાણ શતરુદ્ર સંહિતા અ.૭૯/૨૦) તે અંજનાને કેસરી સાથે પરણાવી હતી પણ લાંબો સમય જતાં પણ પુત્ર થયો નહતો. સપ્તર્ષિઓએ તેમને શંકર જેવો પુત્ર આપ્યો તેથી તેઓ પ્રસન્ન થયા. જેથી તેઓ શંકરસુવન કહેવાય છે. અને કેસરી ના ઘરે જન્મ્યા હતા તેથી અંજની અને કેસરીનંદન કહેવાય છે.


હનુમાનજી જ્યારે નાના હતા ત્યારે તેમણે સૂર્યબિંબને ફળ જાણી ખાવા માંડયું તે જોઈને વ્રજથી તેના જડબા (દાઢી-હનુ) ઉપર ઈન્દ્રએ પ્રહાર કર્યો હતો. પણ તેનું શરીર વ્રજ જેવું હોઈ તેમને કાંઈ અસર થઈ નહિ તેથી તે હનુમાન કહેવાણા પછી તેમણે સૂર્યને છોડી દીધો અને દેવોએ તેમને અત્તુલીત બળનું વરદાન આપ્યું. માતાની આજ્ઞાથી હનુમાને સૂર્ય પાસે જઈ સઘળી વિદ્યાઓ પ્રાપ્ત કરી એથી તે વિદ્યાવન તથા રુદ્રના અવતાર રૂપ હતા અને શંકર સુવન કહેવાય છે.

સ્કંદ પુરાણમાં વૈષ્ણવ ખંડમાં એવી કથા છે કે અંજના અને કેસરી સુમેરૂ પર્વત ઉપર રહેતા હતા. તેમને સંતાન સુખ ન હતું. એટલે અંજનાએ વ્રત, તપ કરવા માંડયું. એકવાર તેમને ત્યાં મતંગ ઋષિ આવ્યા, તેમને અંજના એ પુત્ર માટે ઉપાય પૂછયો : મુનિએ તેમને મહાક્રમી અને અજેય વૃષભાચળ પર્વત પર જઈ વાયુદેવની ઉપાસનાથી મળશે તેવી સલાહ આપી વૃષભાચળ પર્વત ઉપર જઈ મતંગ મુનિના કહેવા મુજબ અંજનાએ તપ આદર્યું એટલે વાયુ દેવ પ્રસન્ન થયા. તેમણે અંજનાના સતીત્ત્વનો ભંગ કર્યા વિના અવ્યક્ત રૂપે માનસિક સંકલ્પ દ્વારા અંજનાને આલિંગન કરી પુત્ર આપ્યો. આ અંજના દેવીનો પુત્ર અંજનેય વાયુ જેવી શક્તિવાળો મહાન પુત્ર થયો. તેથી તે વાયુપુત્ર કહેવાયા.

હનુમાનજીના જન્મની એક અદ્ભૂત કથા રામાયણમાંથી મળે છે. અયોધ્યાના રાજા દશરથને પુત્ર ન હતો. તેથી તેમણે પુત્રેષ્ટિ યજ્ઞા કરાવ્યો. તે સમયે જે પાયસાન્ન રાણીઓને ખવડાવવા આપ્યું. તેના રાજાએ ત્રણ સરખા ભાગ કર્યા. રાણીઓએ તે ગ્રહણ કરીને કૂળદેવીનું ધ્યાન ધરે છે તેવામાં ક્યાંકથી એક ગીધ આવી કૈકયીના હાથમાંથી પાત્ર ઝૂંટવી લે છે અને ઉડી ગઈ. રાજાએ કૈકયીને બીજી રાણીઓ પાસેથી નવેસરથી ભાગ અપાવ્યો.

બીજી તરફ અંજના દેવી પુત્રેચ્છાથી પર્વત ઉપર તપ કરતા હતા વાયુદેવે અયોધ્યાથી ઉડી ગયેલા (પ્રસાદ લઈને) ગીધડીની ચાંચમાં રહેલ તે પ્રસાદ પાડી નાખ્યું. અને હવામાં લાવીને તપ કરતાં અંજના દેવીની અંજલિમાં મૂકી દીધું. તેણે તે પ્રસાદરૂપે ગ્રહણ કર્યું એટલે અંજનાને ગર્ભ રહ્યો અને હનુમાજી રૂપે તેનો જન્મ થયો તેથી તે અંજનીપુત્ર પણ કહેવાયા.આવી રીતે આપણા શાસ્ત્રોમાં અને પુરાણોમાં એકની એક કથા જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. આમ છતાં ભાવુક બની તેમાં ઊંડે નહીં જતા આરાધ્ય દેવ હનુમાનજીને સમજી માની શ્રદ્ધાથી ભક્તિમાં સ્થિર રહે તેવી મારૂતિનંદનને પ્રાર્થના.

# પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના પ્રાગટ્ય દિવસની ‘સેવાદિવસ’ તરીકે ઉજવાયો : દેશ-વિદેશમાં અનેકવિધ સામાજિક અને આદ્યાત્મિક કાર્યો સંપન્ન







## સાંદીપનિ વિદ્યાનિકેતનમાં શ્રીહરિ મંદિરે વર્ધાપનપૂજા, લઘુરુદ્રાભિષેક, બ્લડ ડોનેશન, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને અન્નદાન સહિતની ધાર્મિક અને માનવ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી

ભાવનગર,તા.૧

રાષ્ટ્રીય સંત, પરમ ભાગવતકાર અને શિક્ષણક્ષેત્રના લોકહિતચિંતક પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પ્રાગટ્ય દિવસ ૩૧મી ઓગષ્ટને તેમની જ પ્રેરણાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ 'સેવાદિવસ' તરીકે અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ અને સેવાભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. શ્રાવણ માસના પવિત્ર સોમવારે સાંદીપનિ વિદ્યાનિકેતન સહિત દેશ અને વિદેશમાં વસતા બૃહદ સાંદીપનિ પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક, સામાજિક અને માનવસેવાકીય કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રીના દીર્ઘાયુ અને વિશ્વ કલ્યાણના સંકલ્પ સાથે પોરબંદર સ્થિત સાંદીપનિ આશ્રમના શ્રીહરિ મંદિરમાં વિધિવત્ વર્ધાપનપૂજન યોજાયું હતું. શ્રાવણી સોમવારનો પાવન અવસર હોવાથી પૂજ્ય ભાઈશ્રીએ શ્રીહરિ મંદિરમાં પ્રતિષ્ઠિત ચંદ્રમૌલીશ્વર મહાદેવને વૈદિક મંત્રોચ્ચાર અને દિવ્ય ઉપચારો સાથે લઘુરુદ્રાભિષેક કર્યો હતો. આ અભિષેકપૂજામાં ગૌતમભાઈ ઓઝા, સાંદીપનિ ઋષિકુળના અધ્યાપકો, સેવકો અને ઋષિકુમારો જોડાયા હતા. આ ઉપરાંત, સાંદીપનિ પરિસરમાં આવેલા સૌમ્ય ભૈરવજી મહારાજને ૧૧૦૦ બિલ્વપત્ર અર્પણ કરીને વિશેષ પૂજન પણ કરવામાં આવ્યું હતું.

## સામાજિક અને માનવ સેવાકીય પ્રવૃત્તિઓની સરવાણી

**રક્તદાન કેમ્પ:** સાંદીપનિની સંસ્કૃત પાઠશાળા ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં અધ્યાપકો, ઋષિકુમારો, કર્મચારીઓ અને પોરબંદરના નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૫૦ બોટલ રક્ત એકત્રિત કર્યું હતું.

**શ્રીહરિ વનનું લોકાર્પણ અને વૃક્ષારોપણ:** પર્યાવરણ જતન અર્થે સદ્ભાવના સેવા આશ્રમ અને સાંદીપનિના સંયુક્ત ઉપક્રમે 'શ્રીહરિ વન'નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી સાથે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કલેક્ટર ધાનાણી, મેયર સાગરભાઈ મોદી, જિલ્લા ભાજપ પ્રમુખ ચેતનાબેન તિવારી તેમજ સદ્ભાવના આશ્રમ અને ગ્રીન પોરબંદરના હોદ્દેદારો રામજીભાઈ મોઢવાડિયા, પ્રવીણભાઈ ખોરવા સહિતના અગ્રણીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

**સ્વચ્છતા અભિયાન:** સાંદીપનિ વિદ્યાનિકેતનના ઋષિકુળ અને ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ પોરબંદરના ઐતિહાસિક સુદામા મંદિર પરિસરમાં સફાઈ અભિયાન ચલાવી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

**બાળકોમાં ખુશીઓનું વિતરણ:** 'સ્પ્રેડીંગ સ્માઈલ'ના બેનર હેઠળ ધીરજભાઈ તથા તૃપ્તિબેન પંડિત દ્વારા પોરબંદરની વિવિધ આંગણવાડીઓમાં ભૂલકાંઓને રમકડાં કિટ અને નવા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ગૌસેવા અને અન્નક્ષેત્ર:** સાંદીપનિ ગૌશાળામાં પૂજ્ય ભાઈશ્રી દ્વારા ગૌપૂજન કરી ગાયોને લાડુનો ભોગ ધરાવાયો હતો. સાથે જ આશ્રમે આવેલા દર્શનાર્થીઓ માટે મિષ્ટાન્ન ભોજન સેવા તથા ભાવનગરમાં લીલા ગ્રુપ અને સદ્વિચાર સમિતિ દ્વારા દર્દીનારાયણ માટે ટિફિન સેવા પૂરી પાડવામાં આવી હતી.

**નિ:શુલ્ક સોમનાથ દર્શન યાત્રા:** 'ઓમ ગ્રુપ ઓફ પોરબંદર' દ્વારા શહેરની ૫૧ મહિલાઓને શ્રાવણી સોમવારે સોમનાથ, ત્રિવેણીતીર્થ, ભાલકાતીર્થ, માધવપુર અને લોયેજ જેવાં પવિત્ર ધામોની નિ:શુલ્ક બસ યાત્રા કરાવવામાં આવી હતી.

આ ઉપરાંત, દેશ-વિદેશમાં વસતા સાંદીપનિના બૃહદ પરિવારે પણ રાશનકિટ વિતરણ, મેડિકલ કેમ્પ, વિદ્યાદાન અને અન્નદાન જેવા કાર્યો કરીને પૂજ્ય ભાઈશ્રીના પ્રાગટ્યોત્સવને ખરા અર્થમાં 'સેવાદિવસ' તરીકે સાર્થક કર્યો હતો.

# આઈસીસીએ શ્રીલંકામાં મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીના યજમાન અધિકારો છીનવી લીધા

નવીદિલ્હી,

મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી, જે અગાઉ શ્રીલંકાને આપવામાં આવી હતી, તે ૨૦૨૭ ની શરૂઆતમાં પ્રથમ વખત યોજાવાની છે. જોકે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ એક મોટું પગલું ભર્યું છે અને શ્રીલંકાને યજમાની અધિકારોથી વંચિત રાખ્યા છે. આનો અર્થ એ થયો કે શ્રીલંકા હવે આ ઐતિહાસિક ટુર્નામેન્ટનું આયોજન કરી શકશે નહીં. આઈસીસી અને શ્રીલંકા સરકાર વચ્ચેના વણઉકેલાયેલા વિવાદોને કારણે, તેમની પાસેથી યજમાની અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. જોકે, કયા દેશ ટુર્નામેન્ટનું આયોજન કરશે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

ઈએસપીએન ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં લાંબા સમયથી ચાલી આવતી સરકારી અને રાજકીય દખલગીરી બોર્ડ માટે સમસ્યા બની ગઈ છે.આઈસીસીના નિયમો અનુસાર, દરેક દેશના ક્રિકેટ બોર્ડે સરકારી દબાણ વિના સ્વતંત્ર રીતે કાર્ય કરવું જોઈએ. આઈસીસીએ શ્રીલંકાને વારંવાર આ સિસ્ટમમાં સુધારો કરવા વિનંતી કરી હતી, પરંતુ કંઈ પ્રાપ્ત થયું નથી. પરિણામે,આઈસીસીએ કડક વલણ અપનાવ્યું છે અને શ્રીલંકાને મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી માટે યજમાની અધિકારો છીનવી લીધા છે.




શ્રીલંકા ક્રિકેટના અધિકારી પ્રકાશ શફતરે પોતે પુષ્ટિ આપી હતી કે મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી હવે શ્રીલંકામાં યોજાશે નહીં. તેમણે જણાવ્યું હતું કે ટુર્નામેન્ટને બીજા દેશમાં ખસેડવામાં આવી છે, જોકે નવા સ્થળને હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી અને વિગતો હજુ જાહેર કરવાની બાકી છે. જોકે, છ ટીમોની આ ટુર્નામેન્ટ સમયપત્રક મુજબ યોજાશે. ભારતને હવે આ ટુર્નામેન્ટ માટે હોસ્ટિંગ અધિકારો આપવામાં આવી શકે છે. નવા યજમાન દેશની જાહેરાત ઓક્ટોબરમાં ઁઝઝની આગામી બોર્ડ મીટિંગમાં સત્તાવાર રીતે કરવામાં આવશે.ટોચના ક્રમાંકિત ટીમો યજમાન દેશ સાથે ક્વોલિફાય થશે. ૨૦૨૭ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. નિયમો અનુસાર, ફક્ત યજમાન દેશ અને ટોચના ક્રમાંકિત ટીમો જ આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થાય છે. શ્રીલંકાની મહિલા ટીમ હાલમાં આઈસીસી રેક્રિંગમાં છઠ્ઠા ક્રમે છે, અને હોસ્ટિંગ અધિકારો ગુમાવ્યા પછી, આ ટુર્નામેન્ટ માટે તેમની સીધી લાયકાત હવે જોખમમાં મુકાઈ ગઈ છે. ત્રણ વર્ષમાં આ સતત બીજી વખત છે જ્યારે શ્રીલંકા પાસેથી કોઈ મોટી આઈસીસી ટુર્નામેન્ટ માટે હોસ્ટિંગ અધિકારો છીનવાઈ ગયા છે.

# જો રૂટની સિદ્ધી : ઈંગ્લેન્ડ વતી એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતનાર કેપ્ટન




લોર્ડ્સ,

જો રૂટની કેપ્ટનશીપ હેઠળ, ઈંગ્લેન્ડે લોર્ડ્સ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને ૧૯૪ રનથી હરાવ્યું. આ જીત સાથે, જો રૂટ હવે એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ મેચ જીતનાર ઈંગ્લેન્ડના કેપ્ટન બની ગયા છે. આ સંદર્ભમાં, તેમણે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન એન્ડ્રૂ સ્ટ્રોસનો રેકોર્ડ તોડ્યો છે. પાકિસ્તાન સામે ચાલી રહેલી ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં, ઈંગ્લેન્ડે પ્રથમ બે મેચ જીતીને શ્રેણીમાં અજેય લીડ મેળવી છે. ઈંગ્લેન્ડ હવે ક્લીન સ્વીપ પર નજર રાખશે.

જો રૂટ હવે એશિયન ટીમો સામે સૌથી વધુ ટેસ્ટ જીત સાથે ઈંગ્લેન્ડના કેપ્ટનોની યાદીમાં ટોચ પર છે. રૂટે અત્યાર સુધી એશિયન ટીમો સામે ૨૨ ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી છે, ૧૫ જીતી છે. એન્ડ્રૂ સ્ટ્રોસે ૨૨ ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી છે, ૧૪ જીતી છે. એલિસ્ટર કૂક ત્રીજા ક્રમે છે. કૂકે ૩૦ ટેસ્ટમાં એશિયન ટીમો સામે કેપ્ટનશીપ કરી છે, ૧૨ જીતી છે. નાસીર હુસૈન અને બેન સ્ટોક્સ સાત-સાત જીત સાથે ચોથા ક્રમે છે.

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચમાં, પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે તેમની પ્રથમ ઈનિંગમાં ૨૯૦ રન બનાવ્યા હતા. જવાબમાં, પાકિસ્તાન તેમની પ્રથમ ઈનિંગમાં ફક્ત ૧૧૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

# ૭ બોલમાં ૩ વિકેટ સાથે દીપ્તિ શર્મા મહિલા ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર

નવીદિલ્હી,

મહિલા એશિયા કપ ૨૦૨૬ ની ત્રીજી મેચ ભારત અને થાઈલેન્ડ વચ્ચે રમાઈ હતી. આ મેચ ટીમ ઈન્ડિયાની સ્ટાર સ્પિનર દીપ્તિ શર્મા માટે યાદગાર હતી. આ તેની કારકિર્દીની ૧૫૦મી ટી ૨૦ મેચ હતી. આ મેચમાં તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો. આ સાથે, તે હવે મહિલા ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગઈ છે. આ સંદર્ભમાં, તેણીએ થાઈલેન્ડની સ્પિનર થિપાચા પુથાવોંગનો રેકોર્ડ તોડ્યો છે. થાઈલેન્ડ સામેની મેચમાં દીપ્તીએ ૭ બોલમાં ૩ વિકેટ લીધી હતી.




મહિલા ટી૨૦માં સૌથી વધુ વિકેટ લેનાર બોલરોની યાદીનો ઉલ્લેખ કરીએ તો, દીપ્તિ શર્માએ ૧૫૦ મેચમાં ૧૭૧ વિકેટ લીધી છે અને આ યાદીમાં ટોચ પર છે. થાઈલેન્ડની થિપાચા પુથાવોંગ બીજા સ્થાને છે, તેણે અત્યાર સુધી ૧૦૯ મેચમાં ૧૭૦ વિકેટ લીધી છે. રવાન્ડાની હેનરિએટ ઈશિમવે ૧૩૪ મેચમાં ૧૬૪ વિકેટ સાથે યાદીમાં ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડની સોફી એક્લેસ્ટોને ૧૧૩ ટી૨૦ મેચમાં ૧૫૪ વિકેટ લીધી છે અને તે ચોથા સ્થાને છે.

એશિયા કપ શરૂ થાય તે પહેલાં, દીપ્તિ અને થિપાચા ૧૬૮ વિકેટ સાથે પ્રથમ સ્થાને હતા. ત્યારબાદ થિપાચાએ હોંગકોંગ સામેની પોતાની પહેલી મેચમાં ૧ વિકેટ લીધી, દીપ્તિને પાછળ છોડીને નંબર વન બની ગઈ. ત્યારબાદ તેણીએ ભારત સામેની મેચમાં વધુ ૧ વિકેટ લીધી, જેનાથી તેણીની કુલ વિકેટ ૧૭૦ થઈ ગઈ. જોકે, દીપ્તિ શર્માએ થાઈલેન્ડ સામેની મેચમાં ૩ વિકેટ લઈને થિપાચાને પાછળ છોડી દીધી. તેણીએ આ મેચમાં ૧.૧ ઓવર ફેંકી, એક પણ રન આપ્યા વિના ત્રણ વિકેટ લીધી.

ભારત મહિલા અને થાઈલેન્ડ મહિલા વચ્ચે રમાયેલી મેચમાં, ટીમ ઈન્ડિયાએ ૯૪ રનથી મોટી જીત નોંધાવી. ટીમ ઈન્ડિયાએ એશિયા કપમાં પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી છે. પહેલા બેટિંગ કરતા, ભારતે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૫૯ રન બનાવ્યા.

# લોર્ડ્સ ટેસ્ટ હાર્યા બાદ કેપ્ટન બાબર આઝમે બેટ્સમેન અને બોલરોની આકરી ટીકા કરી

લોર્ડ્સ,

પાકિસ્તાન ક્રિકેટ ટીમનો ઈંગ્લેન્ડનો વિનાશક પ્રવાસ રહ્યો છે. લોર્ડ્સમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને ૧૯૪ રનથી મોટી હારનો સામનો કરવો પડ્યો, જે શ્રેણીમાં તેની સતત બીજી હાર છે. આ કારમી હારથી કેપ્ટન બાબર આઝમના પ્રદર્શન અને કેપ્ટનશીપ પર પ્રશ્નો ઉભા થયા છે. લોર્ડ્સ ટેસ્ટ હાર્યા બાદ, કેપ્ટન બાબર આઝમે બેટ્સમેન અને બોલરો બંનેની આકરી ટીકા કરી હતી. તેમનું માનવું છે કે ટીમને દરેક ક્ષેત્રમાં સુધારો કરવાની જરૂર છે.




મેચ પછી, કેપ્ટન બાબર આઝમે સ્વીકાર્યું કે તેમની ટીમ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નહીં. તેમણે સમજાવ્યું કે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય વાદળછાયા વાતાવરણનો લાભ લેવા માટે લેવામાં આવ્યો હતો. બોલરોએ શરૂઆતમાં સારું પ્રદર્શન કર્યું, જેના કારણે ઈંગ્લેન્ડ ચાર વિકેટે ૮૦ રનમાં સમેટાઈ ગયું. બાબરના મતે, પાકિસ્તાન પાસે ઈંગ્લેન્ડને સંપૂર્ણપણે હરાવવાની સારી તક હતી, પરંતુ ટીમ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહી.

મેચ પછી, જ્યારે બાબરને પૂછવામાં આવ્યું કે શું ઈંગ્લેન્ડ ચાર વિકેટે ૮૦ રન ગુમાવ્યા પછી તેણે પોતાની રણનીતિ બદલી હોત, ત્યારે તેણે કહ્યું કે ટીમે યોજના મુજબ કામ કર્યું. બાબરના મતે, પાકિસ્તાને ભાગીદારી બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈંગ્લેન્ડના બેટ્સમેન વચ્ચે મજબૂત ભાગીદારીએ મેચ પલટી નાખી. ટીકાકારો બાબરના પ્રતિભાવથી ખૂબ જ નારાજ છે. તેઓ માને છે કે તે સમયે રક્ષણાત્મક બનવાને બદલે, પાકિસ્તાને વધુ આક્રમક બનવું જોઈતું હતું અને ઈંગ્લેન્ડને ઝડપથી આઉટ કરવું જોઈતું હતું.

પાકિસ્તાને હવે ઈંગ્લેન્ડ સામે શ્રેણીની ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ રમવાની છે.

# શૂટિંગ દરમિયાન ઈજા થયા બાદ રશ્મિકા મંદાનાએ ઘરે આરામ કર્યો, હવેકામ પર પરત ફરશે



મુંબઈ,

રશ્મિકા મંડન્ના આખરે હિપ ઈજા પછી કામ પર પાછા ફરવા અંગે અપડેટ આપી છે, જેના કારણે આ વર્ષની શરૂઆતમાં તેનું કામ અટકી ગયું હતું. "મૈસા" ના ડાન્સ સિક્વન્સનું શૂટિંગ કરતી વખતે હિપ ઈજા થયા પછી, અભિનેત્રીએ હવે એક નવી પોસ્ટમાં તેના સ્વાસ્થ્ય અપડેટ્સ શેર કર્યા છે, જેમાં ખુલાસો થયો છે કે તે ઘરે સમય વિતાવવાનું સૌથી વધુ મિસ કરશે.

શૂટિંગ દરમિયાન હિપ ઈજા થયા બાદ રશ્મિકા મંડન્નાએ તાજેતરમાં જ અભિનયમાંથી વિરામ લીધો હતો. પોતાની ઈજાની ચર્ચા કર્યાના લગભગ એક મહિના પછી, અભિનેત્રીએ ખુલાસો કર્યો છે કે તે ટૂંક સમયમાં કામ પર પરત ફરશે.

તાજેતરની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, રશ્મિકા મંડન્નાએ પોતાની ઈજામાંથી સ્વસ્થ થઈને ઘરે પોતાના પ્રિયજનો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવતા ફોટા શેર કર્યા છે. ફોટામાં તેણી પૂજા કરતી, તેના કૂતરા સાથે રમતી, ચિત્ર કોયડાઓ ઉકેલતી, બગીચામાં આરામ કરતી અને અન્ય વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણતી જોવા મળે છે. વિડિઓઝ અને ફોટાઓના કેરોયુઝલમાં, રશ્મિકાએ શેર કર્યું કે ભલે તે કામ પર પાછી ફરી રહી હોય, પણ તે ઘરે વિતાવેલા સમયને યાદ કરશે. તેણીએ પોસ્ટને કેપ્શન આપ્યું, "હું ટૂંક સમયમાં કામ પર પાછી આવી છું અને હું ચોક્કસપણે તે બધું યાદ કરીશ!"તેણીની ઈજા પહેલા, રશ્મિકા એક સાથે ઘણી ફિલ્મોમાં કામ કરી રહી હતી.

# આફતની સ્થિતીમાં મનીષા કોઈરાલાએ ભારત, ચીન અને નેપાળને સાથે મળીને કામ કરવા અપીલ કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી મનીષા કોઈરાલાએ ભારત, ચીન અને નેપાળને સાથે મળીને કામ કરવા અપીલ કરી છે કારણ કે દેશ અચાનક પૂરની દુર્ઘટનાનો સામનો કરી રહ્યો છે. અભિનેત્રીએ ૩૦ ઓગસ્ટ, રવિવારના રોજ આધ્યાત્મિક નેતા સદ્ગુરુના નેતૃત્વમાં "ઈન સોલિડેરિટી વિથ નેપાળ" નામના એક ખાસ એકતા કાર્યક્રમમાં આ અપીલ કરી હતી. મનીષાએ ગ્લોબલ વોર્મિંગને તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરના એક કારણ તરીકે ગણાવ્યું હતું. તેમણે પડોશી દેશોને હવામાન સંબંધિત આફતોના વધતા જોખમનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાની અપીલ કરી. અગાઉ, અનુપમ ખેરે સોશિયલ મીડિયા પર લોકોને એકબીજાને મદદ કરવા અપીલ કરી હતી.

શેર કરાયેલા એક વીડિયોમાં, અભિનેત્રીએ કહ્યું, "આપણે ગ્લોબલ વોર્મિંગની પ્રતિકૂળ અસરોનો સામનો કરી રહ્યા છીએ. આપણા આગામી પગલાં શું હોવા જોઈએ? હું વિનંતી કરું છું કે આપણે, માનવી તરીકે અને આપણા મહાન પડોશીઓ - ચીન, ભારત અને નેપાળ - સાથે મળીને કંઈક કરીએ. આપણે એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છીએ અને આવી બાબતો ટાળવાનો પ્રયાસ કરીએ છીએ. હું આશા રાખું છું અને પ્રાર્થના કરું છું કે આપણે આ વિનાશક ક્ષણને સમજીએ અને વધુ સારા માણસો બનીએ. ચાલો આપણે આપણી જાતને મદદ કરીએ તેમ બીજાઓને પણ મદદ કરીએ."

મનીષા કોઈરાલાએ આંતરરાષ્ટ્રીય સમુદાયને નેપાળ માટે પોતાનો ટેકો ચાલુ રાખવાની પણ અપીલ કરી. તેણીએ આગળ



કહ્યું, "હું બધા આંતરરાષ્ટ્રીય સમુદાયને પણ વિનંતી કરવા માંગુ છું, હું તમારા સતત પ્રેમ અને સમર્થન માટે પ્રાર્થના કરું છું. એક દેશ તરીકે, આપણને આપણા દેશની મુલાકાત લેવા માટે લોકોની જરૂર છે. આપણે નથી ઈચ્છતા કે આપણી પ્રતિષ્ઠા 'ઓહ, આ દેશ આફતોથી ભરેલો છે.' એવી બને. આપણે બધા અહીં આવીને મુસાફરી કરીએ. હા, તિબેટ અને નેપાળ સરહદ પર એક આફત આવી છે, પરંતુ પર્યટન જીવનના શ્વાસ જેવું છે."મનીષાના શબ્દો એવા સમયે આવ્યા છે જ્યારે નેપાળ વિનાશક પૂરનો સામનો કરી રહ્યું છે.નેપાળમાં અચાનક પૂરથી મૃત્યુઆંક ૭૮૧ પર પહોંચી ગયો છે કારણ કે બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી મૃતદેહો બહાર કાઢવાનું ચાલુ રાખ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨,૫૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે. ૨૬ ઓગસ્ટના રોજ નેપાળ-તિબેટ સરહદ નજીક એક ગ્લેશિયર તૂટી પડતાં બરફ અને ખડકોનો હિમપ્રપાત થયો હતો, જેના કારણે પાણી, કાદવ અને કાટમાળનો મોટો પ્રવાહ નીચે તરફ વહી ગયો હતો. પૂરે ઉત્તર અને મધ્ય નેપાળના કેટલાક ભાગોમાં વિનાશ વેર્યો હતો, નગરો અને ગામડાઓનો નાશ કર્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | શ | લ | બૂ | પ્ર | ન | ભ | ભા | અં | લા | ઔ | ર |
| ખ | ખ | પ્રા | મા | ક | ક | મ | તી | ક | ણા | પ્ર | કા |
| ક્રો | કી | દ | કા | દ | ળ | રો | ગ | ગ | મ | ગી | બિ |
| આ | જી | ક | બ | દા | ળ | ભો | ળ | સ | ણા | ગી | ફ |
| ર | ધ | ધ | ણ | રા | ક | ર | ઐ | કા | સા | ર | બ |
| ખ | વા | બા | પ્ર | લ | બ | લ | લા | ર | જ | ર | રો |
| અ | કા | આ | મા | ગં | ણા | ર | ક | ર | શિ | ર | ળો |
| સ | મ | ડી | ઔ | ર | ચી | પ્રા | મા | ણિ | ક | ર | ત |
| ર | કા | હિ | ણિ | એ | બં | બા | ઈ | કા | ગ | પ્ર | શ |
| વા | ડી | દ | મા | ઔ | ક્ષ | દ | આ | ર | ર | સા | શિ |
| અ | રા | ગ | કી | રા | ર | બા | કી | હિ | ર | દ | ર |
| સ | ણે | મા | બ | આ | ર | કી | કા | કા | ર | ક્ષ | બા |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી અને અભિનેતા સની દેઓલ ફરી એકવાર સાથે કામ કરવા તૈયાર



મુંબઈ,

ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષી અને અભિનેતા સની દેઓલ ફરી એકવાર સાથે કામ કરવા તૈયાર છે. આ વખતે, તેઓ સનીની ૧૯૯૬ની વખાણાયેલી એક્શન ફિલ્મ 'ઘાતક'માંથી એક પ્રિય પાત્ર પરત લાવી રહ્યાં છે. ફિલ્મ નિર્માતાએ પુષ્ટિ આપી છે કે તેમના આગામી પ્રોજેક્ટનું નામ "ઘાતક ઘુસ કે મારેગા" છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સની "ઘાતક ઘુસ કે મારેગા" માંથી તેની ભૂમિકા ફરીથી ભજવશે, પરંતુ નવી ફિલ્મ તેની સિક્વલ નહીં હોય. "પાર્ટીશન ૧૯૪૭" પછી, સની દેઓલ અને રાજકુમાર સંતોષી હવે "ઘાતક ઘુસ કે મારેગા" માટે જોડાયા છે.


રાજકુમાર સંતોષીએ તેમની ૧૯૯૪ ની ફિલ્મ "અંદાઝ અપના અપના" ની દુનિયા પર આધારિત બીજા પ્રોજેક્ટની પણ પુષ્ટિ કરી છે. "અદા અપના અપના" શીર્ષકવાળી આ ફિલ્મમાં સંપૂર્ણપણે નવી વાર્તા હશે, પરંતુ મૂળ ફિલ્મના કોમેડી અને સાહસિક તત્વોને જાળવી રાખવામાં આવશે. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં, સંતોષીએ કહ્યું, "સની અને હું કેટલીક વાર્તાઓ પર કામ કરી રહ્યા છીએ અને અમે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરીશું. આ ફિલ્મ એક્શનથી ભરપૂર છે. તેનું નામ "ઘાતક ઘુસ કે મારેગા" છે. તે સિક્વલ નથી, પરંતુ પાત્ર બનારસના પાત્ર જેવું જ છે."

'ઘાતક ઘુસ કે મારેગા' ફિલ્મ નિર્માતા સંતોષી અને સની દેઓલ વચ્ચેનો બીજો સહયોગ છે. તેઓએ અગાઉ 'ઘાયલ', 'દામિની' અને 'ઘાતક' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.

# પ્રિયંકા ચોપરાએ તેના પતિ અને પરિવાર સાથે બેકસ્ટ્રીટ બોયઝના પ્રદર્શનમાં હાજરી આપી

મુંબઈ,

પ્રિયંકા ચોપરા હાલમાં તેની આગામી ફિલ્મ 'વારાણસી' માટે સમાચારમાં છે. તે તેના શૂટિંગમાં વ્યસ્ત છે. આ દરમિયાન, તે તેના પરિવાર અને પોતાના મનોરંજન માટે પણ સમય કાઢે છે. તાજેતરમાં, તેણીએ તેના પરિવાર સાથે "બેકસ્ટ્રીટ બોયઝ" ના એક પ્રદર્શનમાં હાજરી આપી હતી. તે ત્યાં ડાન્સ કરતી જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર તેના વીડિયો વાયરલ થયા છે.



વાઈરલ વીડિયોમાં પ્રિયંકા ચોપરા તેના પતિ નિક જોનાસ સાથે જોઈ શકાય છે. તેમની સાથે નિક જોનાસનો ભાઈ જોનાસ અને તેની ગર્લફ્રેન્ડ તાતીઆના ગેબ્રિયલ પણ છે.પ્રિયંકા અને નિક પ્રખ્યાત સ્થળ પર બાલ્કનીમાં સાથે ઉભા રહીને સંગીતનો આનંદ માણતા અને ભીડ સાથે ગાતા જોવા મળ્યા હતા. "બેકસ્ટ્રીટ બોયઝ" ગીતો પર ડાન્સ કરતી વખતે આ દંપતી ખૂબ જ ઉત્સાહિત દેખાતા હતા.આ ખાસ ક્ષણ ત્યારે આવી જ્યારે પ્રિયંકા અને નિકે પ્રખ્યાત ગીત "આઈ વોન્ટ ઈટ ધેટ વે" પર ડાન્સ કર્યો. બંને યાદગાર પ્રદર્શનમાં સંપૂર્ણપણે ખોવાયેલા દેખાતા હતા અને બાકીના ભીડ સાથે હિટ ગીતનો આનંદ માણ્યો હતો.પ્રિયંકા ચોપરાએ સફેદ હોલ્ટર-નેક ડ્રેસ પહેર્યો હતો, જ્યારે નિકે મેચિંગ શર્ટ અને કાળા જીન્સ સાથે સફેદ ટી-શર્ટ પહેર્યો હતો. જો જોનાસ અને તાતીઆના પણ તેમની સાથે કોન્સર્ટનો આનંદ માણતા જોવા મળ્યા હતા.

# શુક્રવારે રાજકોટમાં વિહિપ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા વિરાટ શોભાયાત્રા

## રાજકોટને કૃષ્ણમય બનાવવા ૨૨ કી.મી. લાંબી શોભાયાત્રામાં જોડાવવા ભકિતપ્રકાશ સ્વામીનું આહવાન



રાજકોટ,
દેશભરમા આ દિવસે વિહિપ અને તેની યુવા પાંખ (બજરંગ દળ અને દુર્ગા વાહિની) દ્વારા વિવિધ સ્થળોએ શોભા યાત્રા, સાંસ્કમળતિક કાર્યક્રમો અને ધાર્મિક સભાઓનું આયોજન કરવામાં આવે છે. આ પવિત્ર અવસરે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ - રાજકોટ દ્વારા શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ૪૧મી ભવ્ય ધર્મસભા અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટને કૃષ્ણમય બનાવવા ધર્માધ્યક્ષ ભકિતપ્રકાશ સ્વામીએ આહવાન કર્યુ છે.

મહોત્સરવ સમિતિના અગ્રણીઓએ પત્રકાર પરિષદમાં જણાવેલ કે શોભાયાત્રા પૂર્વે ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૮:૦૦ કલાકે મવડી ચોકડી ખાતે ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધર્મસભામાં જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ધર્માધ્યક્ષ પરમ પૂજય ભક્તિ પ્રકાશદાસજી સ્વામી (હિંદુ રાષ્ટ્રહિત રક્ષક, શ્રી સ્વામીનારાયણ સનાતન આશ્રમ, ખીરસરા) એકત્રિત થયેલા શહેરીજનોને આશીર્વચનની સાથે હિંદુ સમાજમા સમરસતા અને એકતાનો બોધ આપશે. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘના રાજકોટ મહાનગરના કાર્યવાહ ડો. અશિષ શુક્લા ધર્મસભાને સંબોધશે. અંતમા ધર્મસભાના મુખ્ય વક્તા શંકરભાઉ ગાયકર જેઓ વિહિપના કેંદ્રિય મંત્રી અને રાષ્ટ્રીય પ્રવક્તા છે તેઓ ઉપસ્થિત રહી શહેરીજનોને વિષાત પ્રશંગોરુપ ઉદબોધન આપીને હિંદુ સમાજને આવનારા સમયની રાહ બતવશે અને નશા મુક્ત ભારત બનાવવા માટે યુવાનો અને યુવતીઓ ને આહવાન કરશે. ત્યારબાદ ધર્માધ્યક્ષ પરમ પૂજય ભક્તિપ્રકાશદાસજી સ્વામીના હસ્તે મંત્રોચ્ચાર અને વૈદિક પરંપરા અનુસાર શાસ્ત્રોક્ત વિધી બાદ શોર્ય નો કેસરિયો ધ્વજ ફરકાવીને સવારે ૮:૩૦ કલાકે શોભાયાત્રા પ્રસ્થાન કરાવાશે અને ત્યારબાદ રાજકોટ શહેરના ઐતિહાસિક માર્ગો પરથી પસાર થતી આ શોભાયાત્રા બપોરે અંદાજે ૩:૩૦ કલાકે પેડક રોડ ઉપર પાણીના ઘોડા પાસે બાલક હનુમાન મંદીર ખાતે પૂર્ણ થશે.

શોભાયાત્રા નો રુટ

મવડી ચોકડીથી શોભાયાત્રા શરુ થઈને નાના મોવા ચોકડી - કેકેવી હોલ - રૈયા ચોકડી - કનૈયા ચોક - હનુમાન મઢી - કિશાનપરા ચોક - અકિલા ચોક - ફુલછાબ ચોક - સદર બઝાર - હરિહર ચોક - પંચનાથ મંદીર - લિમડા ચોક - એસબીએસ ચોક - ત્રિકોણ બાગ - માલવિયા ચોક - લોધાવડ ચોક - ગોંડલ રોડ - મક્કમ ચોક - નાગરિક બેંક ચોક - ભક્તીનગર ચોક - સોરઠીયા વાડી ચોક - કેવડા વાડી રોડ - કેનાલ રોડ - જિલ્લા ગાર્ડન ચોક - ચુનારવાડ ચોક - ભાવનગર રોડ - સંત કબીર રોડ - જલગંગા ચોક - ગોવિંદબાગ મૈન રોડ - પેડક રોડ - બાલક હનુમાન મંદીરે સમાપ્ત થશે.

સમિતિના અગ્રણીઓએ પત્રકારોને જણાવેલ કે ૪૧મી શોભાયાત્રાને લઈને રાજકોટ શહેરમાં અત્યારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શોભાયાત્રામાં મોટી સંખ્યારમાં રાજકોટવાસીઓ જોડાઈ શ્રી કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણીમાં સહભાગી બને તે માટે જન્માષ્ટમી મહોત્સવ સમિતિ ના અનેક કાર્યકર્તાઓ દ્વારા એક મહીના અગાઉથી જન્માષ્ટમી કાર્યાલયનો પ્રારમ્ભ કરીને શહેરના અનેક મંડળોને લતા શુશોભન અને ફલોટ શુશોભન માટે કેસરી ઝંડીઓ, પતાકા, સ્ટીકર અને અન્યા સુશોભનના સાહિત્યનુ ન્યુનતમ દરે વેચાણ અને નોંધણી કરાવનાર મંડળોને આ બાધુજ સાહિત્યે નિઃશુલ્ક વિતરણ કર્યુ, મુખ્ય રથની તૈયારી, આમંત્રણ પત્રિકાનુ વિતરણ, કાયદાકીય સંકલન, અનેક સમ્પર્કો, તાવા પ્રસાદનુ આયોજન, ગોપી કીશન સ્પર્ધાનુ આયોજન, લતા સુશોભન અને ફલોટ સુશોભન સ્પર્ધાનુ આયોજન, સુત્ર સ્પર્ધાનુ આયોજન, કાર્યકર્તાઓની બેઠકો, કામની વહેચણી, સમીતીઓની રચના, રુટ સુશોભન જેવા અનેક પ્રસંશનીય પ્રયાસો કાર્યકર્તાઓ દ્વારા કરવામા આવ્યા છે.

ધર્મસભા અને ધર્મયાત્રામા સંતો મહંતોની પ્રેરક અને પવિત્ર ઉપસ્થીતી .પૂ. ભક્તિ પ્રસાદ સ્વામી - ખીરસરા ગુરૂકુલ, પૂ.મહંત શ્રી દેવકષ્ણસદાસજી સ્વામી ( ગુરૂકુલ - રાજકોટ), પૂ. પરમાત્માનંદજી - આર્ષ વિદ્યામંદિર (મુંજકા), પૂ. રાધારમણ સ્વામી કોઠારી - સ્વામિનારાયણ મંદિર (ભુપેનદ્ર રોડ), પૂ.કોઠારી સ્વામી સ્વામી મંદિર, પૂ. અપૂર્વમુની સ્વામી - સ્વામિનારાયણ મંદિર, પૂ. ત્યાગ વલ્લભ સ્વામી - યોગી ધામ, પૂ. ધર્મવત્સલ સ્વામી - રીબડા, પૂ. વિવેક સાગર સ્વામી - બાલાજી હનુમાન, વગેરે સંતો મહંતો ઉપસ્થીત રહેશે અને સંત સમ્પયર્ક સમીતીના જગદીશભાઈ અગ્રાવત, ભાવેશભાઈ લાઠીયા, ચમનભાઈ સિંધવ, કૌશીકભાઈ સરધારા, પંકજભાઈ તાવીયા, અનંતભાઈ નેનુજી તેમનો સમ્પઉર્ક કરીને આમંત્રણ પાઠવશે. ઉપરાંત રાજકીય અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.


રાજકોટ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના દ્વારા જન્માષ્ટમી મહોત્સવના આયોજન, સંચાલન, શોભાયાત્રાની વ્યવસ્થા તથા વિવિધ સેવાકીય કામગીરીમાં પણ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ભાઈઓ માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, પરમરાજસિંહ રાણા, વિનુભાઈ ટિલાવત, મહેશભાઈ ડોડીયા, કિશોરભાઈ પરમાર, દુર્ગેશભાઈ આર. સાકરીયા, મનુભાઈ રામાણી, હિરેનભાઈ મહેતા, હસુભાઈ સગપરીયા સહીતના અનેક ભાઈઓ ઉત્સાહપૂર્વક જોડાઈને પોતાની સેવા આપે છે.

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે યોજાનારી ભવ્ય શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ધર્મપ્રેમી નાગરિકો જોડાવાના છે ત્યારે સમગ્ર યાત્રા દરમિયાન શાંતિ, સલામતી અને સવ્યવસ્થા જળવાઈ રહે તે માટે બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રામાં જોડાનારા તમામ ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનોનું ઉષ્મા્ભર્યું સ્વાગત કરવામાં આવશે. તમામને કંકુ ચાંદલા તથા ચોખા થી સ્વાગત કરીને તમામ મંડળોના આગેવાનોને ખેસ પહેરાવીને તથા ફુલહારથી તમામનું સ્વાગત સન્માન કરીને સમરસ અને સંગઠીત હિંદુ સમાજ ના નિર્માણ માટે ભગવાન શ્રી કૃષ્ણના ચરણોમા પ્રાર્થના કરવામા આવશે તેમ દુર્ગાવાહીની અને માત્રુશક્તી ના બહેનો એ જણાવ્યુ હતુ.

સર્વ હિંદુપ્રેમી જનતાને સહ પરિવાર મોટી સંખ્યામાં આ જન્મુષ્ટમીની શોભાયાત્રામા જોડાવવા વિશ્વ હિન્દુ પિરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ ના અધ્યક્ષ રાજાભાઇ, ધર્મયાત્રા અધ્યંક્ષ ધર્મેંદ્રસિંહ વાળા અને કાર્યકારી અધ્યક્ષ તિર્થરાજસિંહ ગોહિલે જણાવ્યુ? હતુ.

# બુધવારે પ્રભારીમંત્રી જીતુભાઇ વાઘાણીના હસ્તે રાજકોટનો લોકમેળો હસ્તે ખુલ્લો મુકાશે

## ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર 'વિરાસત થી વિકાસ' લોકમેળા ૨૦૨૬ની તમામ તૈયારીઓને આખરી ઓપ



રાજકોટ,
રાજકોટના પ્રસિદ્ધ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આગામી ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર 'વિરાસત થી વિકાસ' લોકમેળા ૨૦૨૬ ની તમામ તૈયારીઓને તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આગામી બુધવારે સાંજે ૪:૩૦ કલાકે જિલ્લાના પ્રભારી મંત્રી જીતુ વાઘાણીના હસ્તે આ લોકમેળો ખુલ્લો મુકવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ વખતે મેળાના ઉદ્ઘાટન માટે કોઈ મોટા વીઆઈપી મહેમાન ઉપલબ્ધ ન થતાં, અંતે પ્રભારી મંત્રીના હસ્તે જ ઉદ્ઘાટન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. લોકમેળામાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડતો હોય છે, જેને ધ્યાનમાં રાખીને આજે બપોર બાદ મેળાના ગ્રાઉન્ડ ખાતે વિવિધ વિભાગો દ્વારા સંયુક્ત મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. મેળામાં કોઈ આકસ્મિક દુર્ઘટના ઘટે તો તાત્કાલિક હોસ્પિટલ પહોંચવા અને બચાવ કામગીરીની પૂર્વ તૈયારીઓ આ મોકડ્રીલ થકી ચકાસવામાં આવશે. ઉદ્ઘાટન સમારોહને વધુ આકર્ષક બનાવવા વિશેષ આયોજન કરાયું છે. લોકમેળાના શુભારંભ પ્રસંગે સૈન્યના ૧૮ જવાનોની ટીમ દ્વારા આર્મી બેન્ડ પર દેશભક્તિના ગીતોની સુરાવલીઓ પીરસવામાં આવશે. આ જવાનો દ્વારા વિવિધ ૧૩ પ્રકારની મેલોડીઝ રજૂ કરીને માહોલને દેશભક્તિના રંગે રંગવામાં આવશે.

બીજી તરફ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા જન્માષ્ટમીના પાવન પર્વે ચૌધરી હાઈસ્કુલ ખાતે ભવ્ય મટકી ફોડ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં સાંજના સમયે હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. સંભવિત આગમનને પગલે તંત્ર દ્વારા કાર્યક્રમની તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે

# રાજકોટ-હિરાસરને જોડતા નવા સીકલેન સામેના વિરોધમાં હવે પીપળીયા ગામ પણ જોડાયું

## એલાઈનમેન્ટ અંગે પૂનઃ વિચારણા કરો:એડી. કલેકટરને આવેદનપત્ર



રાજકોટ,
રાજકોટ- હીરાસરને જોડતા નવા સીકસલેન નેશનલ હાઈવે ૨૭ના વિરોધમાં આજે વધુ એક ગામ જોડાયું છે.

ગોંડલ તાલુકાના પીપળીયા ગામના ખેડૂતોએ પ્રસ્તાવિત નેશનલ હાઈવે-૨૭ના નવા એલાઈનમેન્ટનો સખત વિરોધ નોંધાવ્યો છે.આજ રોજ ખેડૂતો દ્વારા એડિશનલ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ કીમતી ખેતીલાયક જમીનને બચાવવા માટે વૈકલ્પિક માર્ગ અપનાવવામાં આવે તેવી તેમની માંગ છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના ગેઝેટ નોટિફિકેશન નં. ૪૩૪૫ (તા. ૧૪/૦૮/૨૦૨૬) મુજબ પ્રસ્તાવિત માર્ગ (પીપળીયા થી રામપરા બેટી) પસાર થવાથી ખેડૂતોની કીમતી જમીનોના ભાગ પડી જશે.હાઈવેને કારણે સિંચાઈના પશ્નો ઉભા થશે, ખેતર સુધી પહોંચવાના રસ્તાઓ ખોરવાશે અને બાકી રહેતી જમીનનો ઉપયોગ મુશ્કેલ બનશે, જેનાથી ખેતીની આવકમાં મોટો ઘટાડો થવાની શકયતા છે.

જમીનોમાંથી પસાર થતું હાલન પ્રસ્તાવિત એલાઈનમેન્ટે પુનઃવિચારણામાં લેવામાં આવે. હાલના તથા અન્ય ઉપલબ્ધે સરકારી માર્ગ/જમીનને ધ્યાનમાં રાખીને વૈકલ્પિક એલાઈમેન્ટનો ટેકનિકલ અભ્યાસ કરાય. અસરગ્રસ્ત ખેડૂતોની હાજરીમાં જોઈન્ટ સાઈટ ઈન્પે્કશલન ગોઠવવામાં આવે. તમામ અસરગ્રસ્ત ખેડૂતોની સામૂહિક સુનાવણી યોજીને તેમની રજૂઆતો સાંભળવામાં આવે.જ્યાં સુધી વૈકલ્પિક એલાઈનમેન્ટ અંગે આખરી નિર્ણય ન લેવાય ત્યાં સુધી હાલની જમીન સંપાદનની કાર્યવાહી તાત્કાલિક અસરથી સ્થગિત રાખવામાં આવે. તેવી માંગણી આવેદનમાં કરાઈ છે.

# રાજકોટ મનપાના ચેક રિટર્ન કેસમાં મિલકત ધારકને છ માસની સજા

રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકાને હાઉસ ટેક્સના ચેક આપતા રૂા.૯૪,૧૩૭નો ચેક પરત ફરતા મનપા દ્વારા ચેક રીટર્નની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કોર્ટ કાર્યવાહી દરમિયાન આસામીએ ચેકની મુજબની રકમ ચૂકવી દીધા બાદ કેસ ચાલવા પર આવતા અદાલતે ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ મિલકત ધારકને ૬ માસની કેદની સજા તેમજ રૂ. ૧,૪૧,૨૦૫/- વળતર પેટે ન ચૂકવ તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ પણ ફરમાવ્યો છે.

રાજકોટ મહાનગર પાલિકા પોતાની હદમાં આવતી તમામ મિલકતો પર કાયદેસરનો મિલકત વેરો વસૂલવાનો અધિકાર ધરાવે છે. આ અંતર્ગત રાજકોટ ટેક્ષ વિભાગના વોર્ડ નંબર ૧૦માં આવતી અને શહેરના કેવડાવાડી વિસ્તારમાં રહેતા ગોવિંદદાસ વલ્લભદાસ વાગડીયાના કબજા હેઠળની મિલકતનો ચડત વેરો વસૂલવા માટે ટેક્ષ ઈન્સ. નિતિનકુમાર શિવશંકર ખંભોળીયા દ્વારા માંગણી કરવામાં આવી હતી. આ માંગણીના અનુસંધાને આસામી દ્વારા મહાનગરપાલિકાની તરફેણમાં રૂ. ૯૪,૧૩૭/- નો ચેક આપવામાં આવ્યો હતો. આસામી ગોવિંદદાસ વાગડીયા દ્વારા આપવામાં આવેલ ચેક પરત ફર્યો હતો. ચેક રીટર્ન થયા બાદ મહાનગરપાલિકા દ્વારા આસામીને વિધિવત નોટિસ પાઠવવામાં આવી હતી, પરંતુ તેમ છતાં રકમ જમા ન કરાવતા આખરે રાજકોટની અદાલતમાં 'ધી નેગોશિયેબલ ઈન્ટ્રૂમેન્ટ એક્ટ'ની કલમ ૧૩૨૮ તળે ચેક રીટર્નની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં અદાલતે આરોપી ગોવિંદદાસ વલ્લભદાસ વાગડીયાને ૬ માસની કેદની સજા તેમજ રૂ.૧,૪૧,૨૦૫/- વળતર પેટે ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ પણ ફરમાવ્યોં છે. આ કેસમાં રાજકોટ મહાનગરપાલિકા વતી જાણીતા ધારાશાસ્ત્રી જીજ્ઞેશ એન.શાહ રોકાયેલા હતા.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં યલો ફિવરની રસી ખલાસ: વિદેશ જતા મુસાફરો મુશ્કેલીમાં

## પી.ડી.યુ. હોસ્પિટલમાં છેલ્લા એક મહિનાથી 'યલો ફીવર' સામે રક્ષણ આપતી રસીનો જથ્થો પૂર્ણ

રાજકોટ,રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલમાં છેલ્લા એક મહિનાથી 'યલો ફીવર' સામે રક્ષણ આપતી રસીનો જથ્થો પૂર્ણ થઈ જતાં વિદેશ પ્રવાસે જવા ઈચ્છતા મુસાફરો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. ખાસ કરીને આફ્રિકા અને દક્ષિણ અમેરિકા જેવા દેશોમાં પ્રવાસ કરતા મુસાફરો માટે 'યલો ફીવર વેક્સિનેશન સર્ટિફિકેટ' મેળવવું કાયદાકીય રીતે અનિવાર્ય હોય છે. પરંતુ સૌરાષ્ટ્રના આ મુખ્ય કેન્દ્ર પર રસી ઉપલબ્ધ ન હોવાને કારણે અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે અને ના છૂટકે અમદાવાદના ધક્કા ખાવા પડી રહ્યા છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ એ માત્ર રાજકોટ શહેર જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રના મુસાફરો માટે રસીકરણનું મુખ્ય કેન્દ્ર છે, દર બુધવારે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે યલો ફીવરની રસી આપવામાં આવે છે. પરંતુ છેલ્લા એક મહિનાથી રસીનો સ્ટોક ખલાસ થઈ જવાને કારણે હવે જૂનાગઢ, જામનગર, અમરેલી, પોરબંદર અને મોરબી જેવા વિવિધ જિલ્લાઓમાંથી આવતા લોકોને નાછૂટકે અમદાવાદ સુધીનો લાંબો અને ખર્ચાળ પ્રવાસ કરવો પડે છે. આના પરિણામે મુસાફરોના સમય અને નાણાં બંનેનો વ્યય થઈ રહ્યો છે.

આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના ચોક્કસ નિયુક્ત દેશોમાં પ્રવાસ કરતા ભારતીય મુસાફરો માટે મુસાફરીના ઓછામાં ઓછા દસ દિવસ પહેલા યલો ફીવરની રસી લેવી ફરજિયાત છે. ભારતીય અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓ આ રસી લીધાનું સર્ટિફિકેટ માંગે છે. આ રસીકરણ ૧૦ વર્ષ માટે માન્ય ગણાય છે, પરંતુ રસીકરણ પ્રમાણપત્ર ન હોય તો મુસાફરોએ ક્વારેન્ટાઈન સેન્ટરમાં સાત દિવસ વિતાવવા પડે છે.

કેન્દ્ર સરકાર તરફથી સ્ટોક ન આવવાને કારણે છેલ્લા બે મહિનાથી યલો ફીવર રસીની ભારે અછત સર્જાઈ છે. અધિકૃત સૂત્રોના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશ સ્થિત એક ફાર્માસ્યુટિકલ કંપની જે આ રસીનું ઉત્પાદન કરે છે. આ ફાર્મા કંપની તરફથી કેન્દ્ર સરકારે રાજ્યોને રસીનો પુરવઠો પૂરો પાડ્યો નથી જેના કારણે યલો ફીવરની રસીની અછત સર્જાઈ છે. જેના કારણે વિદેશ જતા મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

અમદાવાદ ખાતે રસીકરણ માટે ઓનલાઈન સ્લોટ મેળવવામાં લાંબી પ્રક્રિયા માંથી પસાર થવું પડે છે. તેમજ સમયસર રસી ન મળવાને કારણે મુસાફરોની ફ્લાઈટ ટિકિટ અને વિઝા પ્રોસેસિંગમાં વિલંબ થઈ રહ્યો છે. ઉપરાંત અમદાવાદ જવા-આવવાનો પ્રવાસ ખર્ચ તથા સમયનો બગાડ અરજદારો માટે ચિંતાનો વિષય બન્યો છે. વિદેશ જતાં વિદ્યાર્થીઓ, વેપારીઓ અને પ્રવાસીઓએ આ વિષયે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને આરોગ્ય વિભાગ તથા રાજ્ય સરકાર પાસે સત્વરે યલો ફીવરની રસીનો પૂરતો જથ્થો રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ કરાવવા અપીલ કરી છે. જો વહેલી તકે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં નહીં આવે તો પ્રવાસીઓની મુશ્કેલીઓ વધુ વધી શકે તેમ છે. રાજકોટમાંથી મોટી સંખ્યામાં વેપારીઓ કાચા માલની ખરીદી, એન્જિનિયરિંગ સાધનોના નિકાસ અને સોના-હીરાના વ્યવસાય અર્થે આફ્રિકન દેશોની મુલાકાતે જતા હોય છે. રાજકોટના ૧૫૦ ફીટ રિંગ રોડ પર રહેતા અને આફ્રિકામાં પોતાના બિઝનેસ સેટઅપ માટે જઈ રહેલા પ્રવાસીએ જણાવ્યું હતું કે, "મારે બિઝનેસ વિઝા મળી ગયા છે પણ યલો ફીવર સર્ટિફિકેટ વગર એરલાઈન્સ ટિકિટ ક્ધફર્મ કરતી નથી.

રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલ, કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્રોમાં તપાસ કરી પરંતુ ક્યાંય રસી ઉપલબ્ધ નથી." રાજકોટના સ્થાનિક પ્રવાસન ધીરેનભાઈના જણાવ્યા મુજબ, દર મહિને સૌરાષ્ટ્રમાંથી અનેક લોકો આફ્રિકાના દેશોમાં પ્રવાસે જાય છે. આ રસીની માન્યતા ૧૦ વર્ષની હોય છે, તેથી જૂના પ્રવાસીઓને વાંધો નથી આવતો પરંતુ જેઓ પ્રથમ વખત પ્રવાસ કરી રહ્યા છે અથવા જેમની ૧૦ વર્ષની મુદત પૂરી થઈ ગઈ છે તેઓ અટવાયા છે.

આ અંગે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલના સત્તાધીશો જણાવે છે કે, યલો ફીવરની રસી સેન્ટ્રલ ગવર્મેન્ટના સપ્લાય નેટવર્ક હેઠળ આવે છે. રાજકોટ પીડીયું હોસ્પિટલ દ્વારા બે માસ પૂર્વે જ રાજયના આરોગ્ય વિભાગને આ રસીનો જથ્થો પૂરો પાડવા માંગ કરી હતી જોકે હજુ સુધી આ રસીનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી ભારે ખેંચ ઊભી થઈ છે.

# રાજકોટમાં ફાયરબ્રિગેડ સ્ટાફ, સફાઈ કામદારો અને ૧૧૨ના જનરક્ષકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ



રાજકોટ,
પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા ફાયરબ્રિગેડના સ્ટાફ, સફાઈ કામદારો અને ૧૧૨ ના જનરક્ષકોને રાખડી બાંધી કરવામાં આવેલ. રક્ષાબંધનના પવિત્ર તહેવાર અનુલક્ષી રાખડી બાંધી અને મીઠા મોઢા કરાવેલ.

આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, વોર્ડ નં.૨ ના કોર્પોરેટર ધૈર્યભાઈ પારેખ, દક્ષાબેન વાઘેલા, મીનાબા જાડેજા, વોર્ડ નં.૨ ના વોર્ડ પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી હર્ષવર્ધનભાઈ, શહેર ભાજપ અગ્રણી દીપાબેન કાચા તથા તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, ફાયરબ્રિગેડનાં અધિકારી અમિતભાઈ દવે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પ્રજેશભાઈ સોલંકી, શ્રી જીજાળા, શ્રી તુવર તથા સંબંધીત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

# રાજકોટમાં વ્યાસ સોશિયલ યુવા ગ્રુપ દ્વારા સમૂહયજ્ઞોપવિત



રાજકોટ,મહાદેવ અને મા ગાયત્રીના આશીર્વાદથી વ્યાસ સોશિયલ યુવા ગ્રુપ દ્વારા શાષીશ્રી રેનીશ દાદાના આચાર્યપદે સમુહમાં જનોઇ બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વ્યાઆસ ભવન ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે ગોઠવાયેલ આ સમૂહયજ્ઞોપવિતને સફળ બનાવવા વી.એસ.જી.ના ઉપપ્રમુખ પાર્થભાઈ પૈજા, અરવિંદભાઈ ધોળકીયા અને વ્યાસ સોશિયલ ગ્રુપના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટના વોર્ડ નં.૧૩ શહેર ભાજપ યુવા મોરચામાં રોહિત બોળીયાની વરણી



રાજકોટ,
રાજકોટ વોર્ડ નં. ૧૩ શહેર ભાજપ યુવા મોરચામાં રોહિતભાઇ નારણભાઇ બોળીયાની નિમણુંક કરવામાં આવેલ છે. તેઓ વિવિધ પ્રકારની સેવાકિય, સામાજીક, ધાર્મીક પ્રવૃતિ કરી રહેલ છે તેમજ વોર્ડ નં.૧૩માં સ્ટ્રીટ લાઇટ, રોડ રસ્તા તેમજ સ્વચ્છતા સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવ્યાનું તેઓની યાદીમાં જણાવાયું છે.

રોહિતભાઇ બોળીયાની નિયુકતીને, શ્યામ ગૃપ સ્વામીનારાયણ ચોકના નારણભાઇ બોળીયા, નંદનવદન ડેવલોપર્સ ગૃપ, નંદન વદન પેટ્રોલીયસ ગૃપ, શ્યામ ફેમીલી રેસટોરન્ટ ગૃપ દ્વારા મો.૭૦૯૬૪ ૦૯૯૧૬ ઉપર અભિનંદન વર્ષા થઇ રહેલ છે.

# પીએમ મોદી અને ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત : અનેક મુદ્દાઓ પર થઈ ચર્ચા

**બંને નેતાઓએ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા અને પરસ્પર હિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં મહાત્મા ગાંધી સ્મારકની મુલાકાત લીધી અને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી**

બિશ્કેક,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી. બંને નેતાઓએ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા અને પરસ્પર હિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં મહાત્મા ગાંધી સ્મારકની મુલાકાત લીધી અને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારબાદ તેઓ ભારતીય સમુદાયના સભ્યોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી. વડા



વાતચીત કરી અને તેમના અનુભવો વિશે શીખ્યા.ફેબ્રુઆરીમાં ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલી

અંગે બંને તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

વડાપ્રધાન મોદી ફેબ્રુઆરીથી

ઈરાની નેતૃત્વ સાથે સંપર્કમાં છે. તેમણે સતત ભાર મૂક્યો છે કે તમામ વિવાદો વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલવા જોઈએ. વડાપ્રધાને મધ્ય પૂર્વમાં સ્થિરતા જાળવવા અને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અટકાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. ૩૦ જૂનના રોજ ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાતચીત દરમિયાન, પીએમ મોદીએ આ ક્ષેત્રમાં વધતા તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે શાંતિ અને સ્થિરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા બદલ પ્રધાનમંત્રીએ પેઝેશ્કિયાનનો પણ આભાર માન્યો. એસસીઓ સમિટ માટે જતા પહેલા પણ, પેઝેશ્કિઆને કહ્યું હતું કે ઈરાન કોઈપણ આક્રમણનો સંપૂર્ણ બળ અને મક્કમતાથી જવાબ આપશે. તેમના નિવેદનને અમેરિકાને સ્પષ્ટ ચેતવણી તરીકે જોવામાં આવ્યું હતું કે સંઘર્ષમાં વધુ વધારો થવાથી મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.

પેઝેશ્કિઆને જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ એક એવો પ્રદેશ છે જેનો ભાગ્ય, ઈતિહાસ અને સભ્યતા હજારો વર્ષ જૂની છે.

# એસિડ હુમલા અટકાવવા સુપ્રીમ કોર્ટની એસિડના છૂટક વેચાણ પર કડક પ્રતિબંધો લાદવા વિચારણા

**બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોને પરંપરાગત ઉપચાર પદ્ધતિઓથી બચાવવા અને જાગૃતિ ફેલાવવા ભૂમિકા ભજવી શકે**

નવીદિલ્હી,

એસિડ હુમલા સંબંધિત જાહેર હિતની અરજીની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે છૂટક દુકાનોમાં એસિડના વેચાણ પર સખત પ્રતિબંધ મૂકવાની અથવા સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની શક્યતા પર વિચાર કર્યો. કોર્ટે આ બાબતે સંબંધિત અધિકારીઓ પાસેથી જવાબ માંગ્યા છે. સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોને પરંપરાગત ઉપચાર પદ્ધતિઓથી બચાવવા અને આ મુદ્દા વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સુનાવણી દરમિયાન, એક અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે વર્તમાન સરકારી માર્ગદર્શિકા જૂની છે. તેમણે કહ્યું હતું કે સરકાર હંમેશા પગલાં લેવાની વાત કરે છે, પરંતુ ઈચ્છિત કાર્યવાહી જમીન પર દેખાતી નથી. અરજદારે જણાવ્યું હતું કે તે ૧૭ વર્ષ પહેલાં એસિડ હુમલાનો ભોગ બન્યો હતો અને હજુ પણ ઊંઘની ગોળીઓ લે છે.

તેમણે કહ્યું હતું કે આવા હુમલાની માનસિક અને શારીરિક અસર અત્યંત ગંભીર છે અને તે વ્યક્તિનું આખું જીવન બરબાદ કરી શકે છે. તેમણે કોર્ટને એમ પણ કહ્યું હતું કે તે ૧૪ વર્ષના બાળક સહિત ત્રણ અન્ય પીડિતોને જાણે છે. અરજદારે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટ પીડિતો માટે છેલ્લી આશા છે.સુનાવણી દરમિયાન, કોર્ટે એ પણ નોંધ્યું કે બિન-સરકારી સંસ્થાઓ એસિડ હુમલાના પીડિતોની સારવાર અંગે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે સારવારની પરંપરાગત પદ્ધતિઓના ઉપયોગ સાથે સંકળાયેલા જોખમો વિશે જાગૃતિ લાવવાના મહત્વ પર ભાર મૂક્યો.

# વડાપ્રધાન મોદીએ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના ૭.૮% જીડીપી વૃદ્ધિને અસાધારણ સિદ્ધિ ગણાવી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ વિશે ટ્વિટ કર્યું. તેમણે ૭.૮ ટકાના વિકાસને અસાધારણ સિદ્ધિ ગણાવી. આ આંકડો દેશની મજબૂત આર્થિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે અને વૈશ્વિક મંચ પર ભારતની વધતી જતી શક્તિનો પુરાવો છે.

પોતાના ટ્વિટમાં, વડા પ્રધાને કહ્યું કે આ વૃદ્ધિ દેશના લોકોની સામૂહિક શક્તિનું પરિણામ છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ, તેલના ભાવમાં આંચકા અને પુરવઠા શૃંખલાની સમસ્યાઓ છતાં ભારતે આ વૃદ્ધિ હાંસલ કરી. તેમણે કહ્યું કે નિરાશાવાદીઓ નિષ્ફળ ગયા, અને ભારત ફરી એકવાર ખીલ્યું. આ વૃદ્ધિ દર ઘણા વિકસિત દેશો કરતા સારો છે.

આ ઉચ્ચ વૃદ્ધિ એવા સમયે આવી છે જ્યારે વિશ્વભરમાં આર્થિક પડકારો ચાલુ છે. તેલના વધતા ભાવ અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપો વૈશ્વિક અર્થતંત્રને અસર કરી રહ્યા છે. આ હોવા છતાં, ભારતે મજબૂત આર્થિક પ્રદર્શન દર્શાવ્યું છે. આ દેશની આંતરિક તાકાત અને સરકારી નીતિઓનું પરિણામ છે. આ આંકડો ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતાને દર્શાવે છે.જુલાઈમાં ભારતનો ઔદ્યોગિક વિકાસ દર ૬.૭% હતોઃ ખાણકામ ક્ષેત્રમાં ઘટાડાથી ગતિ ધીમી પડી, જ્યારે ઈલેક્ટ્રિકલ ઉપકરણોએ ટેકો પૂરો પાડ્યો. વડા પ્રધાન મોદીએ આ વૃદ્ધિને દેશના લોકોની સામૂહિક શક્તિનું પ્રતીક ગણાવ્યું.

# નેપાળ દુર્ઘટનામાં ૩૯ દેશોના અંદાજે ૫૯૦ જેટલા વિદેશી નાગરિકો હજુ પણ ગુમ

**પૂરથી પ્રભાવિત વિસ્તારોમાંથી ૩૨૩ થી વધુ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા**

કાઠમાંડૂ,

નેપાળમાં આવેલા ભારે પૂરથી એક જ ઝટકામાં લોકો બેઘર થઈ ગયા છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. નેપાળના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તાજેતરના વિનાશક પૂરથી પ્રભાવિત વિસ્તારોમાંથી ૩૨૩ થી વધુ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે ૩૯ દેશોના આશરે ૫૯૦ વિદેશી નાગરિકો હજુ પણ ગુમ છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકાર પડોશી દેશો અને



આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સતત સંપર્ક અને સંકલન જાળવી રહી છે. મોટી સંખ્યામાં વિદેશી નાગરિકો હજુ પણ ગુમ છે, તેથી મંત્રાલયમાં એક સમર્પિત કટોકટી નિયંત્રણ ખંડ સ્થાપિત કરવામાં આવ્યો છે, જે સંબંધિત એજન્સીઓ તેમજ ગુમ થયેલા લોકોના પરિવારો સાથે સંકલન કરી રહ્યું છે.

રાજદ્વારી મિશન દ્વારા વિદેશી નાગરિકો અંગેની ચકાસાયેલ માહિતી સતત શેર અને અપડેટ કરવામાં આવી રહી છે. મિશન ગુમ થયેલા લોકોના પરિવારો સાથે સંપર્ક સ્થાપિત કરવામાં, જરૂરી સહાય પૂરી પાડવામાં અને મૃતદેહોની ઓળખ અને સ્વદેશ પરત મોકલવામાં પણ મદદ કરી રહ્યા છે. નેપાળ વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત અને ચીનની નિષ્ણાત ટેકનિકલ ટીમો સુરંગોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે નેપાળ પહોંચી છે.

# દેહરાદૂનમાં રાહુલ ગાંધી સામેની એફઆઈઆર સામે કોંગ્રેસનો વિરોધ

દહેરાદુન,

ઉત્તરાખંડ કોંગ્રેસે વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે નોંધાયેલી એફઆઈઆર સામે વિરોધ શરૂ કર્યો છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સૂર્યકાંત ધસ્માના સોમવારે ડીજીપી કાર્યાલય પહોંચ્યા અને પોલીસ મહાનિર્દેશકને એક આવેદનપત્ર સુપરત કર્યું. કોંગ્રેસ પક્ષે એફઆઈઆર તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે.

એફઆઈઆરમાં એસસી/એસટી કાયદા હેઠળની કલમો લાગુ કરવામાં આવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે રાહુલ ગાંધીએ ૨૯ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન ૧૧ ઓગસ્ટના રોજ હલ્દવાનીના રામલીલા મેદાનમાં આયોજિત સફાઈ અને ધાર્મિક વિધિઓ અંગે અપમાનજનક ટિપ્પણી કરી હતી. કોંગ્રેસ પક્ષે રાહુલ ગાંધી સામે દાખલ કરાયેલા કેસને ખોટો, પાયાવિહોણો અને રાજકીય દ્વેષથી પ્રેરિત ગણાવ્યો છે.

રાજ્ય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સૂર્યકાંત ધસ્માનાએ જણાવ્યું હતું કે ૮ ઓગસ્ટના રોજ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની રેલી પછી, કેટલાક હિન્દુ સંગઠનોએ હલ્દવાનીના રામલીલા મેદાનને શુદ્ધ કર્યું હતું. ધસ્માનાએ આરોપ લગાવ્યો હતો કે વીડિયો પુરાવા હોવા છતાં, પોલીસે હજુ સુધી આ મામલે કેસ દાખલ કરી નથી, જ્યારે ફરિયાદ મળ્યાના ૨૪ કલાકની અંદર રાહુલ ગાંધી વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

# પેટ્રોલ પંપ પર ઈથેનોલનું પ્રમાણ દર્શાવવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

**કોર્ટે અરજદારને તેની ફરિયાદ સાથે હાઈકોર્ટનો સંપર્ક કરવાની તક આપી**

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પેટ્રોલ પંપ નોઝલ અને પેટ્રોલ બિલ અથવા રસીદો પર પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની ટકાવારી દર્શાવવાનું ફરજિયાત બનાવવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે અરજદારને તેની ફરિયાદ સાથે સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરવાની તક આપી. સુપ્રીમ કોર્ટે ઈ૨૦ પેટ્રોલ સંબંધિત અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે દેશભરના પેટ્રોલ પંપ પર પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની



ચોક્કસ ટકાવારી નોઝલ પર સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે અને પેટ્રોલ રસીદ અથવા બિલ પર પણ જાહેર કરવામાં આવે. ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પ્રસન્ના બી. વરાલેની બેન્ચે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે અરજદાર અને એડવોકેટ નરેન્દ્ર કુમાર ગોસ્વામી તેમની ફરિયાદોના નિરાકરણ માટે સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરી શકે છે.

સુનાવણી દરમિયાન, અરજદારે દલીલ કરી હતી કે ગ્રાહકોને તેઓ ખરીદતા પેટ્રોલમાં ઉમેરવામાં આવતા ઈથેનોલની માત્રા જાણવાનો અધિકાર છે. તેમણે કોર્ટ સમક્ષ પેટ્રોલ રસીદનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ત્યાં ઈથેનોલની માત્રાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અરજદારે દલીલ કરી હતી કે આ ફક્ત વ્યક્તિગત મામલો નથી પરંતુ નાગરિકોના અધિકારો સાથે સંબંધિત મુદ્દો છે. એટર્ની જનરલે અરજીના ફોર્મ સામે વાંધો ઉઠાવ્યો હતો, તેને "પ્રોક્સી અરજી" ગણાવી હતી.

# ગોવા નાઈટક્લબ આગ: સુપ્રીમ કોર્ટે જામીન રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો

**નાઈટક્લબના માલિકો અને તેમના બિઝનેસ પાર્ટનરને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આપ્યો આદેશ**

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૦૨૫ ના ગોવા નાઈટક્લબ આગ કેસમાં ત્રણ આરોપીઓને આપવામાં આવેલા જામીન રદ કરવાના બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. આગમાં પચીસ લોકોના મોત થયા હતા.

ન્યાયાધીશ દીપાંકર દત્તા અને શીલ નાગુની બેન્ચે નાઈટક્લબના માલિકો સૌરવ લુથરા, ગૌરવ લુથરા અને તેમના બિઝનેસ પાર્ટનર અજય ગુપ્તાને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો.

સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટને કેસની સુનાવણી ઝડપી બનાવવાનો પણ નિર્દેશ આપ્યો. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, આર્પોરામાં બિર્ચ બાય રોમિયો લેન નાઈટક્લબમાં ભીષણ આગ લાગી હતી, જેમાં ૨૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦ અન્ય ઘાયલ થયા હતા.

૧૮ ઓગસ્ટના રોજ, બોમ્બે હાઈકોર્ટે ત્રણ આરોપીઓના જામીન રદ કર્યા હતા. હાઈકોર્ટે જણાવ્યું હતું કે નીચલી કોર્ટે તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમાં લીધી નથી અને તે નિષ્કર્ષ પર ભૂલ કરી છે કે ગુનો હત્યા કે લૂંટ જેટલો ગંભીર નથી.

# દિલ્હીમાં એસઆઈઆર પ્રક્રિયા હેઠળ ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા

**ચૂંટણી પંચે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડી**

નવીદિલ્હી,

ચૂંટણી પંચ દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ની પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યું છે. આ પ્રક્રિયા હેઠળ, મોટી સંખ્યામાં લોકોને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચ જણાવે છે કે એસઆઈઆરનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે દેશમાં કોઈ પણ લાયક મતદાર મતદાર યાદીમાંથી બાકાત ન રહે અને કોઈ પણ અયોગ્ય મતદાર મતદાર યાદીમાંથી બાકાત ન રહે. આ સંદર્ભમાં, ચૂંટણી પંચે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી પણ બહાર પાડી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે માહિતી આપી છે કે એસઆઈઆર પ્રક્રિયા હેઠળ દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી છે. આ પ્રક્રિયાથી દિલ્હીના ૧૪.૫ મિલિયન મતદારોમાંથી ૪.૭૭ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે. માહિતી અનુસાર, દિલ્હીમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાં આશરે ૯.૭૫ મિલિયન મતદારોનો સમાવેશ થાય છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે જેમના નામ મતદાર યાદીમાં શામેલ નથી તેઓ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ફોર્મ ૬ અને જરૂરી દસ્તાવેજોનો ઉપયોગ કરીને પોતાના દાવા રજૂ કરી શકે છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અપડેટેડ સમયપત્રક મુજબ, સબમિટ કરાયેલા દાવાઓ અને વાંધાઓની તપાસ કરવામાં આવશે, અને નોટિસ અને સમાધાન પ્રક્રિયા ૨૯ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે.

# વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતમાં ૭% થી વધુ મજબૂત જીડીપી વૃદ્ધિ : સીતારમણ

**ભારતે સ્થાનિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપતાં વૈશ્વિક વિકાસ પર સતત નજર રાખી**

નવીદિલ્હી,

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે, ભારતીય અર્થતંત્રે તેની તાકાત સાબિત કરી છે અને દેશના સામાન્ય નાગરિકોના હિતોનું રક્ષણ કર્યું છે. શિકાગોમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ભારતે સ્થાનિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપતાં વૈશ્વિક વિકાસ પર સતત નજર રાખી છે. પરિણામે, વૈશ્વિક કટોકટી છતાં, ભારતીય ખેડૂતો, પરિવારો અને લોજિસ્ટિક્સ સિસ્ટમ્સ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા છે.નાણામંત્રીએ કહ્યું કે જ્યારે ઘણા દેશોના આર્થિક અંદાજો ખોરવાઈ ગયા છે, ત્યારે ભારતે તેની મર્યાદાઓ છતાં, પડકારજનક વાતાવરણમાં તેના નાગરિકોને સુરક્ષિત રાખ્યા છે.

નાણામંત્રીના મતે, ભારતની સફળતાનો પાયો વૈશ્વિક ફેરફારોને સતત ટ્રેક કરવાની તેની ક્ષમતા છે અને સાથે સાથે સ્થાનિક જરૂરિયાતોને પણ સમજી શકે છે. આ નીતિગત કુશળતાએ દેશને મોટા આર્થિક આંચકાઓથી બચાવ્યો છે.

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળા પછી ભારતે સતત સાત ટકાથી વધુનો જીડીપી વૃદ્ધિદર જાળવી રાખ્યો છે, અને આ વર્ષનો વિકાસ દર આ શ્રેણીમાં રહેશે.કોવિડ-૧૯, રશિયા-યુક્રેન યુદ્ધ, ટેરિફ અનિશ્ચિતતાઓ અને ઈરાન-યુએસ સંઘર્ષ જેવા ગંભીર વૈશ્વિક પડકારો છતાં આ વૃદ્ધિ પ્રાપ્ત થઈ છે.

નાણાકીય શિસ્ત અંગે, નાણામંત્રીએ જણાવ્યું કે સરકારનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં સરકારી ઉધાર ઘટાડીને જીડીપીના ૫૦ ટકા સુધી લાવવાનું છે. ઘણા વિકસિત દેશો હાલમાં તેમના જીડીપીના ૨૦૦ ટકાથી વધુ દેવું ધરાવે છે, જ્યારે ભારતે તેના નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કર્યા છે. ૨૦૨૫-૨૬ સુધીમાં નાણાકીય ખાધ મર્યાદિત કરવાનો અંતિમ ધ્યેય પ્રાપ્ત થયો છે. તેમણે આ માટે ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડા પ્રધાન તરીકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નાણાકીય શિસ્તના રેકોર્ડને શ્રેય આપ્યો.

નાણામંત્રીએ સ્પષ્ટતા કરી કે સામાજિક કલ્યાણ યોજનાઓ માટે સંસાધનોમાં કાપ મૂકીને ક્રેડિટ રેટિંગમાં સુધારો થઈ રહ્યો નથી. તેનાથી વિપરીત, સરકાર યોગ્ય આર્થિક વ્યવસ્થાપન અને નાણાકીય શિસ્ત દ્વારા તેના ક્રેડિટ રેટિંગમાં સુધારો કરી રહી છે જેથી કલ્યાણકારી યોજનાઓ પ્રભાવિત ન થાય.

૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્ય પર, નાણામંત્રીએ કહ્યું કે આ લક્ષ્ય તરફ સુધારાની ગતિ અને સ્કેલ વધારવાની જરૂર છે. આ માટે, તેમણે ભારતીય ડાયસ્પોરા પાસેથી ત્રણ ક્ષેત્રોમાં સમર્થન માંગ્યું: વૈશ્વિક અનુભવ ધરાવતા પ્રતિભાશાળી લોકો, દેશને આગળ વધારવા માટે નવા વિચારો અને મૂડી રોકાણ.

# હિમાચલ પ્રદેશમાં વરસાદનો કહેર યથાવત ચોમાસા દરમિયાન કુલ ૨૫૩ લોકોના મોત

**છેલ્લા ૨૪ કલાકમાં, વરસાદને કારણે ૯૮ રસ્તા બંધ, ૧૦૭ ટ્રાન્સફોર્મર પ્રભાવિત : વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે ૧૧૮૪ કરોડ રૂપિયાનું નુકસાન**

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ચોમાસાનો કહેર ચાલુ છે. રાજ્ય આપત્તિ સંચાલન કેન્દ્ર અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં, વરસાદને કારણે ૯૮ રસ્તા બંધ થઈ ગયા છે, ૧૦૭ ટ્રાન્સફોર્મર પ્રભાવિત થયા છે અને ૩૭ પીવાના પાણીની યોજનાઓ ખોરવાઈ ગઈ છે. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ૩૦ ઓગસ્ટની સાંજ સુધીમાં ૬૪ રસ્તા, ૨૨૬ ટ્રાન્સફોર્મર અને નવ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ હતી. ત્યારબાદ, ૩૧ ઓગસ્ટની સવાર સુધીમાં રસ્તા બંધ થવાની સંખ્યા વધીને ૯૮ થઈ ગઈ.

જિલ્લા સ્તરે, મંડીમાં સૌથી વધુ રસ્તા બંધ થયા છે, જેમાં ૪૩ રસ્તા અને ૮૯ ટ્રાન્સફોર્મર પ્રભાવિત થયા છે. ચંબામાં ૧૫ રસ્તા અને પાંચ ટ્રાન્સફોર્મર, કુલ્લુમાં ૧૬ રસ્તા, સોલનમાં ચાર રસ્તા અને પાંચ ટ્રાન્સફોર્મર, સિરમૌરમાં પાંચ રસ્તા અને શિમલામાં બે રસ્તા છે. કાંગડામાં સાત અને ઉનામાં ચાર રસ્તા પણ પ્રભાવિત થયા છે. વરસાદને કારણે પીવાના પાણીનો પુરવઠો પણ પ્રભાવિત થયો છે. હમીરપુરમાં ૩૭ પાણી પુરવઠા યોજનાઓ ખોરવાઈ ગઈ છે, જે રાજ્યમાં સૌથી વધુ છે.

૩૦ જૂનથી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીના સંચિત અહેવાલ મુજબ, ચોમાસાની ઋતુ દરમિયાન હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતો/અન્ય ઘટનાઓને કારણે ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે ૧૪૯ માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામ્યા હતા. આનો અર્થ એ થયો કે ચોમાસાની ઋતુ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૨૫૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કુદરતી આફતોને કારણે શિમલા અને કાંગડામાં સૌથી વધુ મૃત્યુ (દરેક ૧૬) નોંધાયા છે, ત્યારબાદ મંડી (૧૦), સિરમૌર (૧૪) અને ચંબા (૧૩) છે. માર્ગ અકસ્માતમાં સિરમૌરમાં ૧૯, શિમલામાં ૧૯, ચંબામાં ૧૭, કાંગડામાં ૧૭, ઉનામાં ૧૮ અને કુલ્લુમાં ૧૬ લોકો મૃત્યુ પામ્યા છે.

સતત વરસાદને કારણે, શિમલા-કાલકા શોર્ટ લાઈન પર દોડતી ૧૦ ટ્રેનો રદ કરવામાં આવી છે. સોલન જિલ્લામાં રેલ્વે ટ્રેકનો એક ભાગ કાદવ ભૂસ્ખલનથી તણાઈ ગયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે કોટી અને ગુમ્મન રેલ્વે સ્ટેશનો વચ્ચે કાદવ ધસી પડવાથી ટ્રેકનો એક ભાગ હવામાં અટકી ગયો હતો, અને તેને ટેકો મળ્યો ન હતો. તેના જવાબમાં, રેલ્વેએ શનિવાર રાતથી આ રૂટ પર ટોય ટ્રેન સેવા સ્થગિત કરી દીધી હતી.

# સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાતાં ખેડૂતો પર સંકટ: કૂવાના તળિયા દેખાયા, મગફળી-કપાસના પાક જોખમમાં

## ગુજરાતમાં ખેડૂતો પર બેવડો માર: વરસાદની ખેંચ વચ્ચે કપાસમાં ગુલાબી ઈયળ અને મગફળીમાં ફૂગનો પ્રકોપ



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

જૂલાઈ મહિનામાં સાર્વત્રિક અને સારો વરસાદ વરસ્યા બાદ ઓગસ્ટ મહિનામાં મેઘરાજાએ ખેંચાણ કરતા સૌરાષ્ટ્રના ખેડૂતોની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. વરસાદના બીજા રાઉન્ડની લાંબી રાહ જોયા બાદ હવે જગતનો તાત કુદરત સામે લાચાર બન્યો છે. આગામી એક સપ્તાહ સુધી પણ ભારે વરસાદની કોઈ આશા ન હોવાથી ખેતી પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે.

હાલમાં મગફળીનો પાક ખેતરોમાં લીલોછમ દેખાઈ રહ્યો છે, પરંતુ આ હરિયાળી પાછળ ખેડૂતોની રાત-દિવસની મહેનત છુપાયેલી છે. છેલ્લા એક મહિનાથી વરસાદ ન હોવાને કારણે ખેડૂતો કૂવા અને બોરના પાણીથી પાકને પિયત આપીને જેમ-તેમ કરીને બચાવી રહ્યા છે. જો કે, સતત ખેંચાણના કારણે હવે કૂવાના તળિયા દેખાવા લાગ્યા છે અને ભૂગર્ભ જળ સ્તર પણ ઊંડા ઉતરી ગયા છે.

વરસાદના અભાવે માત્ર મગફળી જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રના મુખ્ય રોકડીયા પાક ગણાતા કપાસ અને સોયાબીનની ખેતી પર પણ મોટું જોખમ તોળાઈ રહ્યું છે. જો આગામી દિવસોમાં કુદરતી વરસાદ ન થાય, તો મોંઘા બિયારણ, ખાતર અને મજૂરી પાછળ કરેલો તમામ ખર્ચ માથે પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

એક તરફ કુદરત રૂઠી છે, તો બીજી તરફ વહીવટી તંત્રની બેદરકારી ખેડૂતોની કમર તોડી રહી છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, પાકને બચાવવા જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર છે, ત્યારે જ વીજ કંપની દ્વારા વારંવાર પાવર કટ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારોમાં ઓછા વોલ્ટેજ ની ગંભીર સમસ્યાને કારણે મોટરો બળી જવાના કિસ્સાઓ પણ વધી રહ્યા છે, જે ખેડૂતો માટે 'પડતા પર પાટું' સમાન સાબિત થઈ રહ્યા છે.

ગુજરાતના ધરતીપુત્રો માટે આ વર્ષે પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના મુખ્ય રોકડિયા પાક ગણાતા મગફળી અને કપાસમાં હાલમાં રોગ અને જીવાતનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. બીજી તરફ, ચોમાસાના પાછતરા વરસાદની ખેંચ વર્તાતા પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે.

ચાલુ વર્ષે કપાસના વાવેતર બાદ ખેડૂતોને સારા ઉત્પાદનની આશા હતી, પરંતુ હાલમાં કપાસના પાકમાં 'સુકારો' (પેરા-વિલ્ટ) અને ગુલાબી ઈયળના લક્ષણો દેખાવા લાગ્યા છે. અનેક વિસ્તારોમાં કપાસના છોડ ઊભા-ઊભા સુકાઈ રહ્યા છે અને જીવાતના કારણે જીંડવાને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. કૃષિ નિષ્ણાતોના મતે જો સમયસર આ જીવાત પર કાબૂ મેળવવામાં નહી આવે, તો ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ શકે છે. કપાસની સાથોસાથ મગફળીના પાકની સ્થિતિ પણ નાજુક છે. જમીનમાં પૂરતો ભેજ ન હોવાના કારણે અને વાતાવરણના બદલાવને લીધે મગફળીમાં ફૂગજન્ય રોગો (જેવા કે મૂળખાઈ અને પાનના ટપકાં) જોવા મળી રહ્યા છે. લીલીછમ દેખાતી મગફળીના છોડ પીળા પડીને સુકાઈ રહ્યા હોવાની ફરિયાદો ખેડૂતો કરી રહ્યા છે.

હાલ પૂરતા વરસાદના અભાવે ખેડૂતો કૂવા, બોર અથવા ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા કિંમતી પાકને બચાવવા રાત-દિવસ મથામણ કરી રહ્યા છે. જો કે, ભૂગર્ભ જળના તળ નીચા જતાં સિંચાઈનું પાણી પણ ખૂટી રહ્યું છે. રાજ્ય સરકારની 'સૌની યોજના' કાગળ પર હોવાના આક્ષેપો સાથે ખેડૂતો માંગ કરી રહ્યા છે કે નર્મદા નહેરનું પાણી તાત્કાલિક ધોરણે છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવામાં આવે.હવે ખેડૂતોની તમામ આશા કુદરત પર ટકેલી છે. જો આગામી દિવસોમાં સાર્વત્રિક અને સારો વરસાદ ન થાય, તો જગતનો તાત આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ જશે તેવી ગંભીર સ્થિતિ ઊભી થઈ છે.

# તહેવારોને લઈ રાજુલામાં ફૂટ પેટ્રોલિંગ અને ટ્રાફિક નિયમોની કડક અમલવારી



અમરેલી:

આગામી જન્માષ્ટમી સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજુલા પોલીસ એલર્ટ મોડમાં આવી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે પોલીસે વિશેષ કામગીરી હાથ ધરી છે.રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. તહેવારો દરમિયાન લોકોની અવરજવર વધતી હોવાથી ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે માટે મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં સતત નજર રાખવામાં આવી હતી.

આ ઉપરાંત, રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે રૂદ્ર ગણ દ્વારા આયોજિત લોકમેળાના સ્થળની પણ પોલીસ ટીમે મુલાકાત લીધી હતી. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસે સમગ્ર સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

મેળા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મેળાના સંચાલકો સાથે જરૂરી ચર્ચા કરીને સુરક્ષા અને બંદોબસ્ત અંગે યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ખાતરી આપવામાં આવી હતી.

ત્યારબાદ રાજુલા શહેરના ટાવરચોક અને હોસ્પિટલ ચોક સહિતના મહત્વના વિસ્તારોમાં પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

ખાસ કરીને ટ્રિપલ સવારી, બેદરકારીપૂર્વક વાહન ચલાવવું તેમજ સગીર બાળકો દ્વારા મોટરસાયકલ ચલાવવાના કિસ્સાઓમાં પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી.

પોલીસના આ પેટ્રોલિંગ અને કાર્યવાહીથી ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત થયું હતું. તહેવારો દરમિયાન શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે રાજુલા પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.રાજુલા પોલીસે શહેરીજનોને જાહેર અપીલ કરી છે કે, પોતાના વાહનો યોગ્ય જગ્યાએ પાર્ક કરવા, વાહનો સ્પીડમાં ન ચલાવવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવું.

પરિવાર સાથે તહેવારની ઉજવણી કરવા નીકળો ત્યારે તેમની સલામતીનું ખાસ ધ્યાન રાખવા પણ જણાવાયું છે. તહેવારો શાંતિપૂર્ણ અને સલામત રીતે ઉજવાય તે માટે પોલીસને સહકાર આપવા પણ અપીલ કરવામાં આવી છે.આ સમગ્ર કામગીરીમાં રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોલાદરા સહિત સમગ્ર પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# સાવરકુંડલામાં રૂપિયાની લેતીદેતી મામલે બે પક્ષે મારામારી, ૬ ઈજાગ્રસ્ત



અમરેલી:સાવરકુંડલા શહેરમાં ૫ હજારની ઉછીની રકમમાંથી બાકી રહેલા રૂપિયા ૨ હજારની લેતીદેતી મામલે બે પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતાં બંને પક્ષનાં લોકોને ઈજાઓ પહોંચી હોય સામસામેં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

સાવરકુંડલા હવેલી શેરીમાં રહેતા ઉમરભાઈ દાદાભાઈ ડેરૈયા (ઉ.વ. ૫૭)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે રૂસ્તમને ૫ હજાર આપ્યા હતા, જેમાંથી રૂસ્તમએ રૂપિયા ૩ હજાર પરત આપ્યા હતા.

બાકી રહેલા ૨ હજારની માંગણી કરતાં રૂસ્તમ અને તેમના પુત્રને આ બાબત પસંદ ન આવતા બંનેએ ઢીકાપાટુનો માર મારી પાઈપ અને છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ઉમરભાઈને સારવાર માટે સાવરકુંડલા સરકારી દવાખાને ગયા હતા.ત્યાં પણ બંને શખ્સોએ આવી ઉમરભાઈ, તેમના પત્ની, નાના ભાઈ તથા બહેનને ગાળો આપી માર મારી, મારી નાખવાની ધમકી આપી હતી.

તો સામા પક્ષે પણ ડ્રાઈવિંગનો ધંધો કરતા રૂસ્તમખાન દિલાવરખાન પઠાણએ ફરિયાદ આપી છે કે, તેમણે ઉમરભાઈ પાસેથી હાથ ઉછીના રૂપિયા લીધાની બાકીની રકમ અંગે ફોન પર વાત કરી ઉમરભાઈએ મણીનગરમા મળવા બોલાવ્યા હતા.

ત્યાં વાતચીત દરમિયાન ઉગ્રતા થતાં ઉમરભાઈએ પોતાની ગાડીમાંથી લોખંડનો પાઈપ કાઢી રૂસ્તમખાનને માર માર્યો હોય સાથેજ તેમના પુત્રએ વચ્ચે પડી તેમને વધુ મારમાંથી બચાવવા પ્રયાસ કરતા તેને પણ ગાળો આપી બાકીના રૂપિયા પરત નહીં આપે તો મારી નાખવાની ધમકી આપી હતી.બાબુ તથા ઉમરભાઈનાં પત્ની અને બહેને પણ ઢીકાપાટુથી માર મારી હાથ પર બટકું ભર્યું હોવાની ફરિયાદ આપી છે. બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે રૂસ્તમ અને તેમનો દીકરો, ઉમર દાદાભાઈ ડેરૈયા તથા બાબુ દાદાભાઈ ડેરૈયા ઉમરના પત્નિ તથા બહેન મળી કુલ છ શખ્સો સામે ગુન્હો નોંધ્યો છે.

# સાવરકુંડલાના નાવલી ચોકમાં ટ્રાફિકની સમસ્યા: વાહનચાલકો ભારે પરેશાન



સાવરકુંડલા:

સાવરકુંડલાના નાવલી ચોક શહેરના મહત્વના માર્ગોને જોડતો વિસ્તાર હોવાથી અહીંથી દરરોજ મોટી સંખ્યામાં નાના મોટા વાહનો પ્રસાર થાય છે.

આ ઉપરાંત બજારમાં ખરીદી કરવા આવતા લોકો પોતાના વાહનો રસ્તાની બાજુમાં આડેધડ પાર્ક કરતા હોવાથી માર્ગની પહોળાઈ ઘટી જાય છે અને ટ્રાફિકની ગતિ ધીમી પડી જાય છે.

પરિણામે થોડા સમય માટે પણ ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય તો વાહનોની લાંબી કતારો જોવા મળે છે. નાવલી ચોક વિસ્તારમાં ટ્રાફિકનું યોગ્ય નિયમન ન થવાને કારણે રાહદારીઓને રસ્તો ઓળંગવામાં પણ મુશ્કેલી પડે છે. વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને ખાસ કરીને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

લોકોએ નાવલી ચોક સહિત શહેરના અન્ય વ્યસ્ત વિસ્તારોમાં પણ ટ્રાફિક વ્યવસ્થાનું સર્વેક્ષણ કરી જરૂરી સ્થળોએ ટ્રાફિક જવાનોની ફાળવણી કરવા માંગ કરી છે. સાથે જ આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકો સામે નિયમિત કાર્યવાહી કરવામાં આવે અને ટ્રાફિક નિયમો અંગે લોકોને જાગૃત કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

સાવરકુંડલાના સ્થાનિક લોકોનું કહેવું છે કે નાવલી ચોક ખાતે નિયમિત રીતે ટ્રાફિક બ્રિગેડ, પોલીસ જવાનો અથવા હોમગાર્ડના જવાનોને ફરજ પર મુકવામાં આવે તો ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે. ખાસ કરીને સવાર અને સાંજના પીક અવર્સમાં ટ્રાફિક પોલીસની હાજરી રહે તો આડેધડ પાર્કિંગ, નિયમ વિરુદ્ધ વળાંક અને ટ્રાફિક અવરોધતા વાહનો સામે તાત્કાલિક કાર્યવાહી થઈ શકે.

# સજા પામેલ વોરંટનો આરોપી ઝડપાયો

## રાજુલા પોલીસે ભરણપોષણ કેસમાં કાર્યવાહી કરી



અમરેલી:

રાજુલા પોલીસે ભરણપોષણની રકમ ન ચૂકવવા બદલ સજા પામેલા એક વોરંટના આરોપીની ધરપકડ કરી છે. આરોપીને ૩૨૦ દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી. આ કાર્યવાહી રાજુલા ટાઉન વિસ્તારમાંથી કરવામાં આવી હતી.ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ, કોર્ટની મુદતે હાજર ન રહેતા વોરંટના આરોપીઓને પકડવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કેસ સાવરકુંડલાની નામદાર ફેમિલી કોર્ટમાં પરચુરણ ફોજદારી અરજી નં-૪૬/૨૦૨૬ હેઠળ નોંધાયો હતો.

આરોપી ભરણપોષણની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતા કોર્ટે તેની વિરુદ્ધ ૩૨૦ દિવસની સાદી કેદની સજાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. રાજુલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાએ આ નાસતા ફરતા આરોપીને પકડી કોર્ટમાં રજૂ કરવા માટે સૂચના આપી હતી.

પોલીસે રાજુલા ટાઉન વિસ્તારમાંથી આરોપી દીપક બાબરીયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તાલાલામાં ધમાલ નૃત્યની પ્રેક્ટિસ દરમિયાન ૮ વર્ષનો બાળક દાઝ્યો

## મોઢામાં જ્વલનશીલ પ્રવાહી ભરી આગ પર કોગળો કરવાનો કરતબ શીખતી વખતે અકસ્માત

ગીર સોમનાથ:ગીર સોમનાથના તાલાલામાં આગ સાથે 'ધમાલ' ડાન્સના કરતબની પ્રેક્ટિસ કરતી વખતે ૮ વર્ષનો બાળક ગંભીર રીતે દાઝી ગયો હોવાની ઘટના સામે આવી છે. તાલાલાના નરસિંહ ટેકરી વિસ્તારમાં ચાર બાળકો ધમાલ ડાન્સમાં આગ સાથેના જોખમી કરતબ શીખી રહ્યા હતા. આ દરમિયાન મોઢામાં ડીઝલ જેવું જ્વલનશીલ પ્રવાહી ભરી આગ પર કોગળો કરવાનો દાવ શીખતી વખતે બાળક આગની ઝપેટમાં આવી ગયું હતું.

ગીરના આદિવાસી સમાજના યુવાનો દ્વારા કરવામાં આવતું પરંપરાગત ધમાલ નૃત્ય પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર છે. ગીરમાં સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓ રિસોર્ટ, હોટલ કે ફાર્મ હાઉસમાં રાત્રિ રોકાણ દરમિયાન ધમાલ ડાન્સનો આનંદ લેતા હોય છે. આ નૃત્યમાં શરીરના વિવિધ અંગોની કરામતો ઉપરાંત મોઢામાં પેટ્રોલ કે ડીઝલ જેવા જ્વલનશીલ પ્રવાહી ભરી સળગતી આગ પર કોગળો કરી ફેંકવાના દિલધડક કરતબ પણ કરવામાં આવે છે.

ધમાલ ડાન્સ સાથે જોડાયેલી ટીમોમાં સામાન્ય રીતે ૮થી ૧૦ જેટલા યુવાનો હોય છે. આવી ટીમો વિવિધ હોટલ અને રિસોર્ટમાં કાર્યક્રમો કરીને આજીવિકા મેળવે છે. પ્રવાસીઓ તરફથી મળતી ભેટ ઉપરાંત હોટલ સંચાલકો દ્વારા પણ ધમાલ ટીમને નક્કી કરેલી રકમ ચૂકવવામાં આવે છે. ગીરમાં આદિવાસી સમાજના ૩૦થી વધુ ગ્રુપ ધમાલ ડાન્સ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળે છે.



તાલાલાના નરસિંહ ટેકરી વિસ્તારમાં શનિવારે સાંજે ૮થી ૧૦ વર્ષની ઉંમરના ચાર બાળકો ધમાલ ડાન્સની પ્રેક્ટિસ કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ આગ સાથેના કરતબ શીખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મોઢામાં ડીઝલ જેવું જ્વલનશીલ પ્રવાહી રાખીને આગ પર કોગળો કરવાનો દાવ શીખતી વખતે ૮ વર્ષનો મુજાહિદ્દીન બગશભાઈ સાયલી આગની ઝપેટમાં આવી ગયો હતો.

અકસ્મતમાં બાળકના સમગ્ર શરીરે ગંભીર રીતે દાઝી જવાથી તેને તાત્કાલિક તાલાલા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જૂનાગઢ રિફર કર્યો હતો. ત્યારબાદ બાળકને રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. હાલ બાળક રાજકોટ સિવિલ હોસ્પિટલના ICUમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

ઈજાગ્રસ્ત બાળકની માતા હીનાબેને આક્ષેપ કર્યો છે કે તેમના દીકરા પર કોઈએ પેટ્રોલ છાંટીને તેને સળગાવ્યો છે. બીજી તરફ તાલાલા ટાઉન પોલીસ ચોકીના સ્ટાફના જણાવ્યા મુજબ ઘટના અકસ્માતે બની હોવાનું સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા પ્રમાણે નરસિંહ ટેકરી વિસ્તારમાં માતાજીના મંદિર પાસે ચાર બાળકો મોઢામાં ડીઝલ જેવું જ્વલનશીલ પ્રવાહી રાખીને આગ સાથે ધમાલ ડાન્સના કરતબની પ્રેક્ટિસ કરી રહ્યા હતા.


પોલીસના જણાવ્યા મુજબ આસપાસના સ્થાનિક રહીશોએ બાળકોને આવા જોખમી કરતબ ન કરવા માટે સમજાવ્યા હતા. તેમ છતાં બાળકો આગ સાથેના દાવ શીખતા રહ્યા હતા અને તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. સમગ્ર મામલે તાલાલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ધમાલ ડાન્સમાં આગ સાથે કરવામાં આવતા કરતબ માટે તાલીમ અને સુરક્ષાની ખાસ જરૂરિયાત હોય છે. પરંતુ બાળકો પોતાની મેળે આવા જોખમી દાવ શીખવાનો પ્રયાસ કરે તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. તાલાલાની આ ઘટના બાદ આગ અને જ્વલનશીલ પ્રવાહી સાથેના કરતબમાં બાળકોને સામેલ ન કરવા તથા આવી પ્રેક્ટિસ દરમિયાન જરૂરી સાવચેતી રાખવા અંગે સવાલો ઊભા થયા છે.

# બસ ૪૫ મિનિટ મોડી ઉપડી:અઠવાડિયામાં ત્રણ કંડકટર સામે કાર્યવાહી

## ધારી-બગસરા- રાજકોટની એસ.ટી. બસના મહિલા કંડકટર હાજર ન રહેતા સસ્પેન્ડનો ઓર્ડર

બગસરા:બગસરા એસ.ટી. ડેપોમાં ફરજમાં બેદરકારી દાખવનારા કર્મચારીઓ સામે ડેપો મેનેજર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.




સોમવારે ધારી-બગસરા-રાજકોટ એક્સપ્રેસ બસમાં ફરજ સોંપવામાં આવી હોવા છતાં ફરજ પર હાજર ન રહેનાર મહિલા કંડકટરને સસ્પેન્ડ કરવામાં આવતા ડેપોના કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

બગસરા ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા કુંજલબેન મોહનભાઈ મારૂને સોમવારે બપોરે ૧૩:૪૫ કલાકે ઉપડતી ધારી-બગસરા-રાજકોટ એક્સપ્રેસ બસમાં ફરજ સોંપવામાં આવી હતી. જો કે ફરજ સોંપાયેલી હોવા છતાં તેઓ ફરજ પર હાજર રહ્યા ન હતા.

પરિણામે ૨ કલાકની બસમાં ફરજ બજાવતા કંડકટરને આ એક્સપ્રેસ બસમાં મોકલવાની ફરજ પડી હતી. આ વ્યવસ્થાના કારણે બસ સમયસર ઉપડી શકી ન હોતી અને બસને રદ કરવાની પણ નોબત આવી હતી. ધારી-બગસરા-રાજકોટ એક્સપ્રેસ બસ૪૫ મિનિટ મોડી ઉપડી હતી. બસ મોડી પડતાં મુસાફરોમાં નારાજગી જોવા મળી હતી અને ફરિયાદો પણ ઉઠી હતી.

એસ.ટી. નિગમની બસ સેવા સમયસર ન મળતાં મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટનાને કારણે નિગમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હોવાનું સસ્પેન્શન ઓર્ડરમાં જણાવાયું છે. ડેપો મેનેજર નિમિષાબેન ગઢવી દ્વારા ફરજમાં બેદરકારી બદલ કુંજલબેન મોહનભાઈ મારૂને સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

સસ્પેન્શનના સમયગાળા દરમિયાન તેમને ઉના ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે. ઉલ્લેખનીય છે કે માત્ર એક અઠવાડિયામાં બગસરા ડેપોના કંડકટર જયેશ મુંધવા, ભરત ભાંગરા અને કુંજલબેન મારૂ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરાઈ છે.

# વેરાવળમાં મહિલા જુગાર ક્લબ ઝડપાઈ

## ૧૩ મહિલા પત્તા રમતી રંગે હાથ પકડાઈ, મોડી રાત સુધી કાર્યવાહી રોકવા રાજકીય દબાણ કરાયું

ગીર સોમનાથ:જન્માષ્ટમીનો તહેવાર નજીક છે. સાતમ-આઠમ પર જુગાર રમાતો હોય છે. તેવામાં વેરાવળમાં ગીતા વિદ્યાલય નજીક આવેલી જલારામ સોસાયટીમાં એલસીબીએ જુગારધામ પર દરોડો પાડ્યો છે. તપાસમાં તેને મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતું હોવાનો ઘટસ્ફોટ થયો છે. શ્રીજી કૃપા નામના મકાનમાં ૧૩ મહિલાઓ જુગાર રમતી ઝડપાઈ છે, જેમની પાસેથી ૪૬,૦૫૦ રૂપિયા રોકડ રકમ કબજે કરવામાં આવી છે.પોલીસ ફરિયાદ અનુસાર, એક મહિલા પોતાના ઘરમાં બહારથી મહિલાઓને બોલાવીને ગંજીપત્તાના પાના વડે તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમાડતી હતી અને આર્થિક લાભ માટે નાલ ઉઘરાવતી હતી.

શહેરના પ્રતિષ્ઠિત પરિવારોની મહિલાઓની સંડોવણી સામે આવતા આ પ્રકરણ ચર્ચાનો વિષય બન્યું છે. દરોડા બાદ પોલીસ કાર્યવાહી અટકાવવા માટે મોડી રાત સુધી રાજકીય આગેવાનો દ્વારા ફોન કરવામાં આવ્યા હોવાની ચર્ચાઓ વ્યાપક બની હતી, જોકે પોલીસે દબાણને નકારીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એલસીબીએ જુગારધારા હેઠળ ખાસ વોરંટ મેળવી મહિલા પોલીસ અને પંચોની હાજરીમાં દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી ૪૬,૦૫૦ રૂપિયા રોકડ, ગંજીપત્તાના ૫૨ પાના અને એક પાથરણું જપ્ત કરાયું હતું. રાત્રિનો સમય હોવાથી તમામ મહિલાઓની તાત્કાલિક અટકાયત કરવામાં આવી ન હતી, પરંતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS-2023)ની કલમ ૩૫(૩) હેઠળ નોટિસ આપીને તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

# રેડિએશનથી આરોગ્યને નુકસાનની આશંકા, બાંધકામ અટકાવો

## કંસારી ગામે રહેણાંક વિસ્તાર વચ્ચે મોબાઈલ ટાવરના બાંધકામનો વિરોધ

ઊના:ઉના તાલુકાના કંસારી ગામમાં જૂના ગામતળ વિસ્તાર માં રહેણાંક મકાનોની નજીક મોબાઈલ કંપનીના ટાવર ના બાંધકામને લઈને સ્થાનિક ગ્રામજનોમાં વિરોધ જોવા મળ્યો છે.

બલાડમાંના મંદિર નજીક રહેતા ગ્રામજનોએ ટાવરનું બાંધકામ તાત્કાલિક અટકાવવા માટે કંસારી ગ્રામ પંચાયતના સરપંચ સહિત તાલુકા અને વહીવટી તંત્રને લેખિત રજૂઆત કરી છે.ગ્રામજનોની રજૂઆત મુજબ, રહેણાંક વિસ્તારની નજીક મોબાઈલ ટાવર ઉભો કરવામાં આવી રહ્યો છે.ટાવરના રેડિએશનથી નાના બાળકો સહિત સ્થાનિક રહેવાસીઓના આરોગ્ય પર વિપરીત અસર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

ઉપરાંત, ટાવર ઊભો કરવામાં આવી રહેલી જગ્યા જૂના ગામતળ વિસ્તારમાં આવેલી હોવાનો તથા ત્યાં કાયદેસર રસ્તાની સુવિધા ન હોવાનો પણ ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.રજૂઆતમાં ગ્રામજનોએ જણાવ્યું છે કે ટાવરનું બાંધકામ શરૂ કરતા પહેલાં આજુબાજુના રહેવાસીઓ ને કોઈ જાણ કરવામાં આવી નથી. અગાઉ પણ કંસારી ગામમાં અન્ય ત્રણ સ્થળે મોબાઈલ ટાવર માટે મંજૂરી ન મળતા બાંધકામ અટકાવવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ટાવરની આસપાસ નાના બાળકો રમતા હોવાના કારણે કોઈ અકસ્માત સર્જાય તો જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ ગ્રામજનોએ ઉઠાવ્યો છે.ચોમાસા દરમિયાન ભારે પવન કે વાવાઝોડા માં ટાવર ધરાશાયી થઈ નજીકના મકાન કે વ્યક્તિને નુકસાન થાય તેવી સ્થિતિમાં સલામતીની જવાબદારી અંગે પણ તંત્ર પાસે સ્પષ્ટતા માગવામાં આવી છે.ગ્રામજનોએ બાંધકામ અટકાવવા માટે અરજી કરી હોવાનું જણાવ્યું છે.અરજીની નકલો ગ્રામ પંચાયત કંસારી ઉપરાંત તાલુકા પંચાયત, મામલતદાર , પ્રાંત અધિકારી પોલીસ ને રજુઆત કરી છે